REGISTERED No. B. 156.



શ્રી

# જૈન ધર્મ પ્રકાશ.

પુસ્તક ૩૮ મું.
અંક ૬ ઠ્ઠો.

ભાદ્રપદ.
સંવત ૧૯૭૮.

## अनुक्रमणिका.

१ પર્યુષણ પર્વ .... ....( પદ્ય ).... ૧૬૫
૨-૩ ક્ષમાપના.-સત્સંગ..... ....( પદ્ય ).... ૧૬૬-૧૬૭
૪ ખાનપાનમાં હાનિ થવાથી બચવાની જરૂર..... ૧૬૮
૫ ચાતુર્માસ રહેલા સાધુ સાધ્વીઓને બે બોલ..... ૧૭૦
૬ તમારા કુટુંબને શી રીતે સુખી કરશો ? .... ૧૭૧
૭ દુઃખમાંથી સુખ સ્વરૂપ ઇશ્વરમાં .... .... ૧૭૨
૮ સ્વરાજને ઇચ્છતી આલમને બે બોલ. .... ૧૭૩
૯ ચારિત્ર-સંયમ-સદ્વર્તન. .... .... .... ૧૭૪
૧૦-૧૧ આત્મોન્નતિ પ્રેરક હિતવચનો.-સ્વદેશી ઓષધ. ૧૭૫-૧૭૬
૧૨ વિદ્યાર્થી જીવન શી રીતે ઉચ્ચ થાય ? .... ૧૭૮
૧૩-૧૪ મહાવીર.-અમૂલ્ય મંત્ર. (નમ્રતા) .... .... ૧૮૦-૧૮૨
૧૫ જૈન કોમની ઉન્નતિ માટે કરવાના સુધારા. .... ૧૮૪
૧૬ સૌંદર્યતા. .... .... .... .... .... .... ૧૮૬
૧૭ સુબોધ વ્યાખ્યાન .... .... ... .... .... ૧૯૦
૧૮ ચિદાનંદજી કૃત પ્રસ્તાવિક દુહા. (સાર્થ.) .... ૧૯૩
૧૯ સ્ફુટનોંધ અને ચર્ચા. .... .... .... .... ૧૯૫

પ્રગટ કર્ત્તા
શ્રી જૈન ધર્મ પ્રસારક સભા
ભાવનગર.

વાર્ષિક મૂલ્ય રૂ. ૧-૮-૦
પોસ્ટેજ રૂ. ૦-૪-૦

ભાવનગર-'શારદાવિજય' પ્રી. પ્રેસમાં શા. મઢુલાલ લશ્કરભાઇએ છાપ્યું.

# લાઈફ મેમ્બરોને એક સાથે લાભ.

## નીચે જણાવેલી બે બુકો વગર કિંમતે ભેટ આપવામાં આવશે.

૧ શ્રી શાંતિનાથ ચરિત્ર ભાષાંતર. ૨—૦—૦
૨ વિનોદકારી કથાઓનો સંગ્રહ. ૦–૧૨–૦

## નીચેની બુકો ને ગ્રંથો દરેક લખેલી કિંમતમાંથી એકેક રૂપીઓ ઓછો લઇને આપવામાં આવશે.

૩ શ્રી ઉપમિતિ ભવપ્રપંચા કથા ભાષાંતર. ભાગ ૧ લો. ૩–૦–૦
૪ શ્રી ધન્યકુમાર ચરિત્ર ભાષાંતર. ૨–૮–૦
૫ શ્રી પરિશિષ્ટ પર્વ ( પૂર્વાચાર્યોના ચરિત્ર ) ભાષાંતર. ૧–૮–૦
૬ શ્રી ઉપદેશ કલ્પવલ્લી ભાષાંતર. ૧–૮–૦
૭ શ્રી ઉપદેશ પ્રાસાદ ગ્રંથ. મૂળ. વિભાગ ૩ જો. સ્થંભ ૧૩ થી ૧૮. ૨–૮–૦
૮ શ્રી વૃહત્ ક્ષેત્ર સમાસ. મોટી ટીકા યુક્ત. ૩–૪–૦

પાછલા સંસ્કૃત બે ગ્રંથો લેવાની ઈચ્છા ન હોય તેમણે ના લખી મોકલવી. કિંમત ઉપરાંત પોસ્ટેજ, વેલ્યુ૦ રજીષ્ટર ખર્ચ ગણવો. રેલવે સ્ટેશનવાળાને રેલવે પાર્સલથી મોકલી રસીદ વેલ્યુ૦ કરવામાં આવશે. તેમને ખર્ચ ઓછો લાગશે.

લાભ લેવાની ઇચ્છાવાળા બંધુઓએ પત્ર લખવાની તસ્દી લેવી.

## વાર્ષિક મેમ્બરોને લાભ.

ઉપર જણાવેલી પ્રથમની બે બુકો ભેટ આપવામાં આવશે અને ત્યાર પછીની ચાર બુકો ને બે ગ્રંથો પોણી કિંમતે આપવામાં આવશે. પોસ્ટેજ વિગેરે ખર્ચ જુદું.

લાભ લેવામાં પ્રમાદ કરશે તે લાભ ખોઇ બેસશે.

**શ્રી શાંતિનાથ ચરિત્ર ભાષાંતરમાં શ્રીરાણપુરનિવાસી શેઠ નાગરદાસ પુરૂષોત્તમદાસે પોતાનાં બંધુ ઉજમશીભાઇના શ્રેયાર્થે સારી સહાય આપેલી હોવાથી અમે તેનો લાભ મેમ્બર બંધુઓને આપવા ધાર્યું છે અને તેથીજ ઉપર પ્રમાણે ગોઠવણ કરી છે.**

ઉપર જણાવેલ બુકો ને ગ્રંથોની કિંમત હાલમાં પ્રેસ ખર્ચ–કાગળ ખર્ચની મોંઘવારી છતાં અમે જેમ બને તેમ ઓછી રાખી છે. તે બુકનું પ્રમાણ જોનારને તરત ખ્યાલમાં આવે તેમ છે. દરેક ભાષાંતરની બુકો ખાસ પાકા પુંઠાથી બંધાવવામાં આવેલ છે. તેમાં પણ કસર કરવામાં આવી નથી.

વિનોદકારી કથાસંગ્રહની બુક સોળપેજી ૧૮ ફારમની થઇ છે. 'જૈન ધર્મ પ્રકાશ'ના દરેક ગ્રાહકને તે ભેટ તરીકે આપવામાં આવનાર છે. ભાદ્રપદ માસમાં તે બુક ગ્રાહકોને લવાજમ પૂરતા વેલ્યુ૦થી મોકલવામાં આવશે. પોસ્ટેજ ચાર્જ વધવાથી બે આના વધારે લેવામાં આવશે. વેલ્યુ૦ પાછું ફેરવીને આવી મોટી અને સુંદર ભેટની બુકનો લાભ ગ્રાહકો ગુમાવશે નહીં એવી આશા છે. તંત્રી.

श्री

# जैन धर्म प्रकाश.

जं कल्ले कायव्वं, तं अज्जंचिय करेहु तुरमाणा ।
बहुविग्घो हु मुहुत्तो, मा अवरण्हं पडिक्खेह ॥ १ ॥

"જે કાલે કરવું હોય ( શુભ કાર્ય ) તે આજેજ અને તે પણ ઉતાવળે કર, કારણકે એક મુહૂર્ત્ત ( બે ઘડી ) પણ ઘણા વિઘ્નવાળું હોય છે, માટે બપોર સુધી પણ ખમીશ નહીં. ( વિલંબ કરીશ નહીં. )

પુસ્તક ૩૮ મું. ] ભાદ્રપદ-સંવત ૧૯૭૮. વીર સંવત ૨૪૪૮. [ અંક ૬ ઠ્ઠો.

## पर्युषण पर्व.

—:o:*:o:—

( અમે ઇશ્વર માગીએ એટલું—એ રાગ. )

ભાગ્યવંત બંધુ પૂર્ણ પુન્યથી, આવ્યા શ્રેષ્ઠ સુહંકર પર્વ;
ટાળો મન ગર્વ-પર્યુષણ પર્વમાં.
જગ જંતુ પ્રત્યે નિત્ય ચિન્તવો, દયા મૈત્રી તણા સદ્‌ભાવ;
તરવાનું એ નાવ-પર્યુષણ પર્વમાં.
શુદ્ધ ભાવે પૂજા પ્રભાવના, તપ વ્રત જિનેશ્વર ભક્તિ;
કરો યથાશક્તિ-પર્યુષણ પર્વમાં.
ત્યજો નિંદા રહો સમભાવમાં, કલ્પસૂત્ર શ્રવણમાં મન;
આપો રાંકને ધન-પર્યુષણ પર્વમાં.
જય ડંકા વગડાવો ધર્મના, દેશમાં પ્રસરાવો ઉદ્યોત;
જગાવો જ્યોત-પર્યુષણ પર્વમાં.
બ્રહ્મચર્ય રૂડું તમે પાળજો, કરો આત્મલક્ષ્મીનું જતન;
કર્મોનું દહન-પર્યુષણ પર્વમાં.

સહિષ્ણુતા પરસ્પર દાખવી, ધરીએ નવ ક્રોધ કે ક્લેશ;
કદી લવ લેશ-પર્યુષણ પર્વમાં.
દેવ મંદિરોએ ને ઉપાશ્રયે, વરસાવો શાંતિના પૂર;
ધરો ધર્મ ઉર-પર્યુષણ પર્વમાં.
વીર પગલે વહી આરાધીએ, વિધિ સાથ કલ્યાણક પર્વ;
પામો સુખ સર્વ-પર્યુષણ પર્વમાં.
જૈનબંધુ જુગાર ન ખેલીએ, વ્યસનોથી સદા વસો દૂર;
સાધો આત્મનૂર-પર્યુષણ પર્વમાં.
કુડાં કર્મતણો ભય રાખીએ, બોલો મીઠાં વિવેકી વેણ;
હોશે સુખ વ્હેણ-પર્યુષણ પર્વમાં.
પ્રતિક્રમીએ સદા ઉલ્લાસથી, ન ધરો પાપપંકમાં પાય;
આનંદ ન માય-પર્યુષણ પર્વમાં.
શુભ્ર સ્વચ્છ મૃદુ અંતર કરી, જગ જીવ ખમાવો સસ્નેહ;
નમાવો દેહ-પર્યુષણ પર્વમાં.
ક્ષણ માત્ર પ્રમાદ ન સેવીએ, રહીએ આત્મધ્યાને ચકચૂર;
કરીએ ન કસુર-પર્યુષણ પર્વમાં.
ભવ ચિંતામણિ સમ લેખીએ, યતીએ તરવા ભવ પાર;
પતિતનો ઉદ્ધાર-હોજો એ પર્વમાં.

"સુંદર."

## ક્ષમાપના.

—:o:*:o:—

### હરિગીત-રાગ.

વિશ્વના જીવજન્તુઓ ! તમ પ્રતિ દયા દિલ ના ધરી,
અભિમાનથી બની અંધ અતિશય આપને પીડા કરી;
ચગદી લીધાં હા ! પ્રાણુ તમ પરવા કરી નહીં પાપની,
નયનો ભીંજાવી અશ્રુથી યાચું ક્ષમા હું આપની. ૧
આલમ અખિલ ઉપવન સમી છે પંખીડા આ ભૂષણો,
એ પંખીઓના નાશમાં આનંદ ઉર માન્યો ઘણો;
છેદન કરી પશુ પંખીઓ ! ઘડી ભોગવી ન વિરામની,
નયનો ભીંજાવી અશ્રુથી યાચું ક્ષમા હું આપની ૨

છળ કપટ કરી વિશ્વાસઘાતથી દુઃખ દીધું મ્હેં યદિ,
નેત્રે ભર્યાં તમ સુખ દેખી ઝેરનાં પ્યાલા કદિ;
હરદમ જપું જપમાળ તો હું દરગુજરના જાપની,
નયનો ભીંજાવી અશ્રુથી યાચું ક્ષમા હું આપની. ૩
ઉપકાર પ્રતિ અપકાર કરી તાકયું બુરૂ મ્હેં આપનું,
ક્રોધાંધ થઇ હું ભાન ભૂલ્યો ગાલિવર્ષણ માપનું;
ઝેર વૈર કરી વધારી મ્હેં મલીનતા આત્મની,
નયનો ભીંજાવી અશ્રુથી યાચું ક્ષમા હું આપની. ૪
દેવ ગુરૂ સાધુતણી નિંદાથકી થાકયો નહીં,
ઉત્સૂત્ર ભાષણથી જરી પાછું વળી જોયું નહીં;
ધર્મના બ્હાને ઠગી મ્હાણી મઝા સુખપાલની,
નયનો ભીંજાવી અશ્રુથી યાચું ક્ષમા હું આપની. ૫
ચીરાય છે ચર ચર થતું, વીંધાય છે મમ ચિત્ત આ,
જ્યારે કરૂં અગણિત મમ અપરાધની કૈં કલ્પના;
દુષ્કૃત્યના કાજળવડે કીધો બંધ આત્મ પ્રકાશને,
રે ! રે ! ચહું હું સજળનયને સર્વ દોષની માફને. ૬
પ્રતિપળ વહે અંતર વિષે કૈં વ્હેણ પશ્ચાત્તાપના,
એ વ્હેણમાં પાવન થઇ કરૂં આજ દિવ્ય ક્ષમાપના;
કલ્યાણ થાઓ સર્વનું અમ ઉર સ્ફુરે એ ભાવના,
લાવી દયા અર્પો ક્ષમા કર જોડી કરૂં એ યાચના. ૭
ખમાવું છું જીવોને સૌ, તમે સૌ ક્ષમજો મને,
મૈત્રી ધારી તમો પ્રત્યે, ત્યજું છું વૈરભાવને. ૮

"સુંદર"

## सत्संग.

( ગઝલ. )

સહુ સુખનો મહા પાયો, મનો વાંછિત તારાથી;
ઉત્તમ સત્સંગ સાધન છે, ઇચ્છા જો શુદ્ધ થાવાની. ૧
વધે બદલો અને રોગો, હવા જ્યાં સ્વચ્છની ખામી;
વધે છે રોગ આત્માના, હવા સત્સંગતણી ખામી. ૨
બહુ બુદ્ધિ વિકાસે છે, વૃત્તિ ઉદાર ઉચ્ચ દ્રષ્ટિ;
સદાચારો વૃદ્ધિ પામે, કરે અમીધારની વૃષ્ટિ. ૩

સ્વચ્છંદે[1] આવશે લક્ષ્મી, અને કીર્તિ મટી ભ્રાંતિ;
કળાઓ નવનવી આવે, ભૂલાયે સર્વ ઉપાધિ. ૪
પડે જ્યાં ટાઢ શિયાળે, કરે સત્સંગ પાવકનો;
સમાગમ સંતનો કીજે, થઇ જ્યાં શીત અંતરમાં. ૫
ટીપું જળનું પડ્યું છીપે, અને તે સ્વાતી નક્ષત્રે;
બને અમૂલ્ય મૌક્તિક તે, સ્વરૂપ શાથી અરે! ધારે. ૬
સુજન સત્સંગ ક્ષણ એકા, થશે ભવતારણે નૌકા;
થયા કુસંગથી પાપો, મિટે નાના મોટા શ્રાપો. ૭
અત્યુત્તમ સંગ પુસ્તકનો, બુદ્ધિવર્ધક અને સારાં;
વિપદમાં હો કે સંપદમાં, બિચારાં તે સદા સરખા. ૮
કદી હો મિત્રમંડળમાં, કદી એકાંત ટાપુમાં;
બનેના શત્રુ પણ સાથી, બતાવે માર્ગ એ ક્ષણમાં. ૯
પરમ હિતકારી આત્માનું, અતિ સસ્તું તે ઔષધ છે;
રહે જે "મેઘ" સત્સંગે, દુઃખી જે આત્મના રોગે. ૧૦

**મેઘજી વેલજી ધરમશી.**
**શ્રી. ક. દ. ઓ. જૈન બોર્ડીંગ–મુંબાઇ.**

## ખાન પાનમાં (ખાવા પીવામાં) ચોખ્ખાઇ રાખવા જેટલી સંભાળ નહીં રાખનારને કેટલી બધી હાનિ થવા પામે છે? તેમાંથી હવે બચવાની જરૂર.

૧ ખાનપાનમાં બધી રીતે ચોખ્ખાઈ સાચવી રાખવા જે જે સુજ્ઞ ભાઇ બ્હેનો પૂરી કાળજી રાખે છે તેમને શરીરઆરોગ્યતા સાથે સ્વપર પ્રાણરક્ષાનો ભારે લાભ સહેજે સાંપડે છે; પણ તેમાં જેઓ બેદરકાર રહે છે તેઓનું શરીર-આરોગ્ય બગડવા સાથે ઘણી વખત સ્વપર અનેક જીવોની હાનિ થવા પામે છે.

૨ મુગ્ધ ભાઇ બ્હેનો લાભહાનિનો વિચાર કર્યા વગર, ઘરમાં પાણી ભરી રાખેલા આખા ગોળાને પીધેલા પાણીવાળા એઠાં વાસણ વારંવાર બોળી બોળીને દૂષિત કરે છે. તેમાં એક બીજાની મુખ–લાળ એકઠી થવાથી અસંખ્ય સંમૂર્છિમ જીવ–જંતુઓ અનેકવાર ઉપજે છે ને વિણસે છે. એ રીતે અસંખ્ય જીવોની વિરાધના થવા ઉપરાંત એ ગોબરૂં પાણી પીવાથી શરીરમાં કંઇક પ્રકારના રોગ–વિકાર ઉપજે છે. વળી વખતે એક બીજાના રોગનો ચેપ તેવા

૧ એની મેળે.

ગંદા પાણી પીનારને અકસ્માત લાગુ પડે છે. માતપિતાદિક વડીલ જનોને એવુંજ ગંદું-એઠું પાણી પાવાથી તેમજ તેવા ગોબરા અને જીવાકુળ જળવડે બનાવેલી રસોઇ જમાડવાથી પ્રગટ અવિનય થાય છે. વળી સાધુ સંતોને તથા સ્વધર્મી જનોને એવા કચોખ્ખા જળથી બનાવેલી રસોઇ આપવાથી અનાદર-આશાતના થવા પામે છે. સહેજે કાળજીથી સાચવી શકાય એવી આચારશુદ્ધિ નહીં જાળવવાથી અન્યધર્મી લોકોમાં પણ આપણી પોતાની ભારે હાંસી-મશ્કરી થાય છે, તે સઘળી હાનિઓમાંથી બચી જવાની પૂરી જરૂર છે. ઠીક સાવધાનતા રાખી ખાનપાન ( ખાવા પીવા ) માં આચાર શુદ્ધિ જાળવવાથી એ બધી હાનિઓમાંથી સહુ કોઇ સહેજે બચી જવા પામે છે. આને નજીવી વાત લેખી જે કોઇ તેની ઉપેક્ષા કરે છે તે તેની કાયમી ભૂલની ભારે શિક્ષા પામે છે ત્યારેજ સમજી શકે છે. પરિણામ તરફ દ્રષ્ટિ રાખીને જોતાં આ વાતમાં ભારે મહત્વતા રહેલી સમજાશે. જીવાજીવાદિક તત્ત્વની સૂક્ષ્મ વાતો કરનારા તેમજ સાંભળનારા આવી ગંભીર ભૂલ (ગોબરાઈ) કરી સ્વપરની ખુવારી કરે તે અસહ્ય ને અક્ષમ્ય લેખાય. જીવાજીવાદિકની સૂક્ષ્મ વાતો નહીં જાણનાર મેશ્રી લોકો વિગેરે ખાનપાનાદિક પ્રસંગે આશ ચોખ્ખાઇ રાખે છે તે કરતાં આપણામાંના સુજ્ઞ ભાઈ બ્હેનો ધારે તો સમજ પૂર્વક વધારે ચોખ્ખાઇ રાખી 'ગોબરાપણુ'નું મ્હેણું ને કલંક દૂર કરી શકે. અનેક ગામ નગરાદિકમાં વિચરતા સાધુસાધ્વીઓ પણ સદુપદેશ દ્વારા સમાજની આવી અનેક નાની મોટી ભૂલો સમજ આપી સુધરાવી શકે. જેઓ ખાસ ચોખ્ખાઈ પાળવાનું કબૂલે તેમનાજ ઘરના આહાર પાણી વહોરવાનું રાખે અને સમજ આપ્યા છતા જેઓ ગોબરાઈ ન કાઢે તેમને છેવટે શરમાવું પડે અને ચોખ્ખાઇ આદરવી પડે એવું સમયોચિત વર્તન પોતે જાળવી રાખે તો આ બાબતમાં તરત સુધારો થવા સંભવ રહે છે. ખાનપાનમાં બરાબર ચોખ્ખાઇ રાખવાથી, તન મનની શુદ્ધિ થવા સાથે પવિત્ર ધર્મને માટે લાયક બનાય છે, એમ સમજી શકનારાં સહુ શ્રાવક શ્રાવિકાઓએ તો એનો અવશ્ય આદર કરી પોતાનાં લાગતાં વળગતાં સહુ સ્વજન કુટુંબીઓને પણ બને તેટલી સમજણ આપીને તેમ કરવા જરૂર લલચાવવા જોઇએ. છેવટે દરેક જ્ઞાતિ ને સંઘ સમસ્તમાં નાના મોટા જમણ પ્રસંગે ખાનપાનમાં બરાબર ચોખ્ખાઇ પાળવા-પળાવવા દરેક ભાઇ બ્હેને જાતે ચીવટ રાખી અન્ય આળસુ ભાઈ બ્હેનોને ચેતાવવા જોઇએ. ઇતિશમ્. ( સ. ક. વિ. )

અમૂલાં ધર્મ પૂર્વજના, કરી દેખાડશો ક્યારે ?<br>
પરાક્રમ વીર તનુજોના, કરી દેખાડશો ક્યારે ?

# જૂદે જૂદે સ્થળે ચાતુર્માસ રહેલા પૂજ્ય સાધુ સાધ્વીઓ પ્રત્યે સાદર બે બોલ.

પૂર્વે જેમ તીર્થંકરો, ગણધરો અને ભવભીરૂ ગીતાર્થ ભાવાચાર્યાદિક ધુરંધર મહાપુરૂષો પ્રતિબંધ રહિત પૃથ્વીતળ ઉપર પ્રસન્ન ચિત્તે વિચરી પવિત્ર દેશનામૃત વર્ષાવી ભવ્યજનોનો ભવતાપ શાન્ત કરવા પ્રવર્તતા હતા, તેમ અત્યારે પણ પ્રતિબંધ રહિત વિચરતા ભવભીરૂ ગીતાર્થો દ્રવ્ય ક્ષેત્ર કાળ ને ભાવરૂપ આર્હતી નીતિને લક્ષગત રાખી પવિત્ર દેશનારૂપે શાન્તરસ વરસાવી અનેક ભવ્યાત્માઓનો ભવતાપ સમાવી શાન્તિ ઉપજાવી શકે છે. અતિશય જ્ઞાની પુરૂષો અમોઘદર્શી હોઇ સમયાનુકૂળ દેશના દઇને અનેક જીવોના સંશય ઉચ્છેદી તેમને નિઃશલ્ય બનાવી શકતા હતા. અત્યારે આ ભૂમિના દુર્ભાગ્યથી તેવા સાતિશય જ્ઞાનીઓનો જોગ દુર્લભ્ય થઇ પડ્યો છે. તેવા વિષમ સમયમાં ભવભીરૂ ગીતાર્થ સાધુજનોની પવિત્ર ફરજ છે કે પરિણામે શ્રોતાજનોને હિતરૂપજ બને એવું સમયોચિત દેશનામૃત વર્ષાવી તેમનો વિવિધ તાપ ઉપશમાવીને તેમને ખરી આત્મિક શાન્તિ ઉપજાવવી.

કુશળ ખેતીકાર વર્ષાઋતુ સમિપ આવતાં સાવધાન બનીને ક્ષેત્ર ખેડવા મંડી પડે છે, તેમાંથી જાળા ઝાંખરા ચીવટ રાખી દૂર કરી નાંખે છે અને તેમાં ખાતર પૂરે છે. ખાતર ભરેલી ભૂમિને બરાબર ખેડી ચાસ પાડીને સરખી કરે છે; તેમાં પાણીનો ત્રેહ જોઇ યથાવિધિ સદ્બીજની પૂરણી કરે છે અને તેને જળસિંચન કરી વાડ રક્ષાદિકવડે તેનું પોષણ કરે છે, તેમ સમયજ્ઞ ભવભીરૂ ઉપદેશક સાક્ષર સાધુજનો પણ ભવ્યજનોનું એકાન્ત હિત ઇચ્છતાં તેમના અનેકવિધ દોષરૂપી જાળાઝાંખરાને દૂર કરી તેમાં યથાયોગ્ય ધર્મ-રૂપ સદ્બીજો વાવવા અને પછી જે રીતે તેની રક્ષા અને પુષ્ટિ થવા પામે તેમ કુશળતાથી કરવા પ્રયત્ન કરે છે. સમાજની અને શાસનની ઉન્નતિ ઇચ્છનારા ઉત્તમ સાધુ સાધ્વીઓને લાજમ છે કે અત્યારે સમાજમાં જે જે દુષ્ટ બદીઓ અજ્ઞાનવશ પેસી ગઈ છે તેને યત્નથી દૂર કરવા લાગતાવળગતાઓને ચેતાવવા. કયા કયા ક્ષેત્રમાં કઇ કઇ જાતના કુરીવાજો પેઠેલા છે તે તપાસીને દૂર કરવા સફળ પ્રયત્ન સેવવો ઘટે છે. ઇતિશમ્. (સ. ક. વિ.)

હતા પૂર્વે બહુ મોટા, થયા સૌથી હવે છોટા;
પડ્યા જે વીર્યના તોટા, ભરી દેખાડશો ક્યારે?

# તમારાં કુટુંબને શી રીતે સુખી કરશો ?

૧ જો દરેક સ્ત્રી સાચા ત્યાગની મૂર્ત્તિ બને તોજ તે સ્વપતિને ઉદ્ધરી શકે. ખરા ત્યાગ–ભાવ વગર કુટુંબમાં લગારે સ્વર્ગીયતા–દિવ્યતા આવવાનો સંભવ નથી.

૨ સંસારી જીવનમાં પણ ત્યાગનું પાલન કરવું પડે છે.

૩ કોઈપણ વીરપુરૂષ જો તે ત્યાગી ન હોય તો પ્રખ્યાત થઈ શકે નહીં.

૪ મનુષ્યમાં જેટલી ત્યાગવૃત્તિ વધારે હોય તેટલોજ તે ઉત્તમ છે.

૫ ખરૂં આત્મજ્ઞાન–કર્તવ્યજ્ઞાન પ્રાપ્ત કરો એટલે તમે ત્યાગી થશો.

૬ તમે પોતાને અને દરેક વસ્તુને સાક્ષીરૂપે જુઓ છો ત્યારે એથી તમને આનંદજ થાય છે અને જ્યારે તમે તેમાં આસક્ત બનો છો ત્યારે તે દુઃખનુંજ કારણ થાય છે.

૭ તમારી દિવ્યતા અથવા પ્રભુતામાં દૃઢ શ્રદ્ધા રાખો, તેને પ્રાપ્ત કરો અને તમને જે રીતે જે ક્રિયા કરવાનું બતાવવામાં આવે તે પ્રમાણે વર્તીને અનંતતામાં સ્થિત થાઓ, તેનો તમે સાક્ષાત્કાર કરો, અમર થાઓ અને સર્વ શક્તિમાન થાઓ.

૮ ત્યાગનો અર્થ પણ એજ છે કે પોતાનું અલ્પ–સ્થૂળ–સ્વાર્થી અહં-સ્વરૂપ દૂર કરવું–સ્વરૂપની ખોટી કલ્પનાને દૂર કરવી.

૯ નવી સંતતિને ઉત્પન્ન કરનાર માતપિતાઓએ પોતપોતાની જવાબદારી સમજી લઈ ભાવી પ્રજાનું ભવિષ્ય બગડે નહીં પણ સુધરે એવી ઉત્તમ રીતિ નીતિ હવે તો દૃઢતાથી આદરવાને ખાસ ઉજમાળ બનવું જોઈએ.

૧૦ ભવિષ્યની આપણી પ્રજા સર્વ રીતે સુખી ને સદ્‌ગુણી બને એવા ઉદાર–ઉન્નત વિચાર વચન અને આચારનું માતપિતાદિક વડીલ જનોએ જાતેજ પરિશીલન કરીને, એવા ઉત્તમ બીજ સંસ્કાર પોતાનાં બાળક–બાળિકાદિકમાં ખરા પ્રેમથી રોપવા સ્વકર્તવ્ય સમજી રહેવું જોઈએ.

૧૧ શરીરઆરોગ્ય આખા કુટુંબમાં ઉત્તમ રીતે જળવાય એવી વ્યવસ્થા કરવા દરેક કુટુંબી જનોએ ખાસ કાળજી રાખી તેના ચોક્કસ નિયમોને દૃઢતાથી પાળવા જોઈએ. ઇતિશમ્. (સ. ક. વિ.)

—:*:૦:*:—

કહો છો વીર પુત્રો છો, કહો છો સૌ સુપુત્રો છો;
બતાવી પાત્રતા પ્હેલી, કરી દેખાડશો ક્યારે ?

# દુઃખમાંથી સુખ સ્વરૂપ ઈશ્વરમાં.

૧ તમારામાં તમારો સ્વાત્મા-તમારૂં સચ્ચિદાનંદ સ્વરૂપ-સર્વ જ્યોતિઓની જ્યોતિ-નિર્મળ અવર્ણનીય સ્વર્ગોનું સ્વર્ગ વિરાજમાન છે. તમારો આત્મા સદા સજીવન્ત અજર અમર છે, તો પછી તમે પોતે તમને શા માટે નાના-નજીવા-તુચ્છ સમજો છો ? આનંદી, ઉત્સાહી અને સુખી બનો ! (નકામા દુઃખી ન થાઓ.)

૨ બાહ્ય વસ્તુઓમાં શ્રદ્ધા રાખવાથી તમે નહીંજ તરો. તમારા પોતાના આત્મતત્ત્વમાં શ્રદ્ધા રાખવાથીજ તમારો ઉદ્ધાર થશે.

૩ મનુષ્ય પોતાની વાસનાઓને આધીન ન હોય તો તે કોઇને આધીન નથી. બાહ્ય સ્વતંત્રતા તો માત્ર માયિક-ભ્રમણાજ છે.

૪ ઓ માનવીઓ ! સહુ સ્વતંત્ર બનો-મુક્ત થાઓ ! કે જે મુક્તિનો વિચાર માત્ર કરવાથી પણ સુખી થવાય છે.

૫ દેહાદિક જડ વસ્તુ સજીવ રહે તેનો મુમુક્ષુને જેમ હર્ષ થતો નથી તેમ તેનો નાશ થવાની વાતથી તેને ભય પણ લાગતો નથી.

૬ તમારી પોતાની સ્વતંત્રતા અને મહત્તાને સમજો-અનુભવો. તમે પોતેજ દેવોના દેવ-ઇશ્વરોના ઈશ્વર-પરમાત્મા છો એમ સાક્ષાત્કાર કરો. (અજ્ઞાન અને મિથ્યાત્વયોગે થયેલી ભ્રમણા ભાંગો.)

૭ તમારા નિંદકો અને ટીકાકારો પ્રત્યે દયા લાવો. કેવળ આત્મામાંજ લીન રહો. (પરમાં પેસવાથી સ્વહિત સાધી નહીંજ શકો.)

૮ અનુભવી-સ્થિતપ્રજ્ઞની વૃત્તિમાં-અચળ શાંતિમાં કોઈ પણ ભંગ પાડી શકશે નહીં, એને કોણ હાનિ પહોંચાડી શકે ?

૯ જે મનુષ્ય સદા આત્મ સાક્ષાત્કારમાં નિમગ્ન રહે છે અને જે સર્વની સાથે એકતા અનુભવે છે તેજ ખરો સુખી છે.

૧૦ આત્મા-પરમાત્માનેજ પરમ ધ્યેય બનાવી તેના પ્રત્યે અતિ ઉત્કટ પ્રેમ કરવો જોઇએ. બીજી બધી વાતનું ભાન ભૂલી તેમાંજ એકતા-લીનતા કરવી ઘટે છે. ઇતિશમ્. (સ્વામી રામતીર્થ.)

—:o:*:o:—

પ્રતાપી પ્રાણ દેનારા, અવરના કષ્ટ હરનારા;
કસોટી તીવ્ર સ્હેનારા, કરી દેખાડશો કયારે ?
કર્યા જે તેમણે કામો, ઉઘાડયાં સ્વર્ગના ધામો;
તમે એની સમા કામો, કરી દેખાડશો કયારે ?

# સ્વરાજ્ય—સ્વતંત્રતાને ઈચ્છતી આલમને અવશ્ય ઉપયોગી બે બોલ.

સ્વરાજ્ય યા સ્વતંતાની જુંબેશ ચલાવનાર તેમાં આગેવાની ભર્યો ભાગ લઈ અન્ય ભાઇબ્હેનોને સ્વજવલંત દ્રષ્ટાન્તથી પૂરવાર કરી બતાવનાર મિ. ગાંધીજી સ્વરાષ્ટ્રવાદી દરેક ભાઈબ્હેનને વારંવાર સમજાવીને ચેતાવે છે કે હિન્દ, હિન્દીઓ કે આખી આલમનું હિત હૈયે ધરનાર દરેકે દરેક વ્યક્તિની ચોખી ફરજ છે કે તેણે પ્રથમ પોતાની જાતનેજ કેળવી તૈયાર કરવી. મન અને ઇન્દ્રિયોને વશ ગુલામ બની નહીં રહેતાં તેમને સ્વવશ કરી નિયમિત બનાવવાં. તેમનાથી લેવાઇ નહીં જાવું. તેમને કબજે કરી પોતાના અભીષ્ટ કાર્યમાં મદદગાર બનાવવાં. ક્રોધ—રોષ, અભિમાન—અહંકાર, માયા—કપટ, અને લોભાદિક દુષ્ટ વિકારોને જેમ બને તેમ ચીવટ રાખી ક્ષમા, નમ્રતા, સરલતા અને સંતોષવડે શાન્ત પાડવા પ્રયત્ન સેવ્યા કરવો. હિંસા, અસત્ય, અદત્ત, અબ્રહ્મ અને મમતાદિક દોષોને દૂર કરી અહિંસા—દયા, સત્યાદિક સદ્ગુણો યા સદ્વ્રતો જરૂર આદરવા. તેમજ મન, વચન, કાયા કહો કે વિચાર, વાણી ને આચારને ખુબ પવિત્ર બનાવવા. સંયમવડેજ આ બધી વાતની સિદ્ધિ થઇ શકશે. એ વાત સહુ ભાઇબ્હેનોને સ્પષ્ટ સમજાઇ જાય અને એક બીજા સ્પર્ધાથી તે વાતને વર્તનમાં ઉતારતા થઈ જાય તો પછી ખરૂં સ્વરાજ્ય સહેજે સાંપડી શકે. પ્રથમ તો પોતાની જાત ઉપરજ કાબુ મેળવી લેવો ઘટે. તે સિવાય ગમે તેટલી વાતો કરવાથી કશું વળવાનું નહીં એમ સહુને હવે અંતરથી લાગી જવું જોઇએ. સ્વરાજ્ય યા સ્વતંત્રતા મેળવવા આપણી શક્તિ એકત્રિત કરવી જોઇએ. ખરા દૃઢ સંપવડેજ એ શકય થઈ શકે છે. દરેક વ્યક્તિએ પોતાના વિચાર, વાણી અને આચારને શુદ્ધ—પવિત્ર બનાવીને તેનો લાભ પોતાના અન્ય બંધુઓ તથા બ્હેનો પામે એમ અંતઃકરણથી ઈચ્છવું અને બને તેટલું કરી છુટવું જોઇએ. આપણામાં જે જે ખામી, દોષ, કુટેવ કે વિષમતા હોય તે સમજીને દૂર કર્યેજ છુટકો છે. કોઈ ભાઈ બ્હેનની લાગણી દુભાય એવાં નબળાં કૃત્યથી સહુએ સાવધાનતાપૂર્વક દૂરજ રહેવું જોઇએ અને જે સ્વદેશી ભાઇ બ્હેનો સાથે આપણને નિકટ સંબંધ છે તેમનાં દુઃખ—દારિદ્રય નિર્મૂળ થાય એવાં સઘળાં શકય સદાચરણો આપણે જાતે સેવવાં, તેમજ આપણા સંબંધી ભાઈબ્હેનોને પણ તેમ કરવા સમજાવવા જોઇએ. વિદેશી ને ભ્રષ્ટ વસ્તુઓ ઉપરનો મોહ હવે ખાસ તજી દેવો અને

શુદ્ધ સ્વદેશી વસ્તુથીજ નિર્વાહ કરી લેવા દઢ નિશ્ચય કરવો એજ હિતકર છે. ખાન પાન વસ્ત્ર પાત્રાદિકમાં ખોટો ઠઠારો તજી દઇને બને તેટલી સાદાઇ રાખવાથી (આદરવાથી) આપણું જીવન નિર્દોષ ને ઉન્નત બનશે. ઘણા પાપથી બચાશે અને અન્યને આશ્રયદાતા થવાશે એ મોટો લાભ સમજવો. ઈતિશમ્.

(સ. ક. વિ.)

# ચારિત્ર—સંયમ—સદ્વર્તન.

( લેખક સદ્ગુણાનુરાગી કર્પૂરવિજયજી. )

૧ વધારે બુદ્ધિ વગરનો પણ સાદી સમજણથી સંયમ—ચારિત્ર પાળી દીપાવી શકે છે. અધિક બુદ્ધિશાળી ધારે તો તેથી પણ અધિક પાળી શકે ખરો, પરંતુ ચારિત્ર અજવાળવામાં તેનો ઉપયોગ ખરેખર કોઇ વિરલ—સદ્-ભાગી જનોજ કરી શકે છે.

૨ સંયમ—ચારિત્રશાળી સદ્ગુણ પ્રાપ્તિથી અધિક નમ્ર બને છે, ત્યારે સંયમ હીન—ચારિત્ર શૂન્ય માણુસ બુદ્ધિના ગર્વથી અક્કડ બની કપટ કેળવી કેવળ અધોગતિ પામે છે.

૩ ચોક્કસ નિયમ વગરનું માણુસ સુકાન વગરના વહાણ જેવું જાણવું. તે ગમે ત્યાં અથડાઈ પછડાઇ પાયમાલજ થવાનું, તેથીજ જીવનનૌકા સફળ કરવા સહુએ નિયમબદ્ધ થવું ઘટે છે.

૪ સત્ય નિષ્ઠા એજ સર્વનું મન વશ કરી—આકર્ષી શકે છે.

૫ જેમ કષ, છેદ, તાપ અને તાડનવડે (કસોટીએ ઘસવાથી, કાપ દેવાથી, તાપમાં તાવવાથી અને હથોડાવતી કુટવાથી ) સોનાની પરીક્ષા કરાય છે તેમ ત્યાગ, શીલ, ગુણ અને કર્મવડે પુરૂષની પરીક્ષા કરી શકાય છે.

૬ મન, વચન અને કાયા (વિચાર વાણી અને આચાર) વિષે પુણ્ય—અમૃતથી ભરેલા, અને અનેકવિધ ઉપકારની કોટિઓવડે ત્રિભુવનને પૂરતા ( વિશ્વ-ત્રયને પાવન—પ્રસન્ન કરતા ) તેમજ પરના લેશમાત્ર ગુણને ( પોતાની સૂક્ષ્મ દૃષ્ટિવડે ) પર્વત સમાન વિશાળ દેખી—લેખીને પોતાના દીલમાં ખુશી ખુશી થતા કોઇ વિરલ સંત પુરૂષો પૃથ્વી ઉપર વિચરતા હોય છે તેમને અમારા કોટિશઃ નમસ્કાર હો !

૭ મન—ઇન્દ્રિયનો જય, ક્રોધાદિક કષાયનો નિગ્રહ, હિંસાદિક પાપનો ત્યાગ અને મન વચન કાયાની શુદ્ધિ કરવાથીજ સંયમ સધાય છે. ઇતિશમ્.

# આત્મોન્નતિ પ્રેરક હિતવચનો.

( લેખક-સદ્દગુણાનુરાગી કર્પૂરવિજયજી. )

૧ આ મ્હારૂં અને આ પરાયું એવી ગણના-માન્યતા-કલ્પના ટુંકી બુદ્ધિવાળા-સંકુચિત મનવાળા કે ક્ષુદ્ર હૃદયવાળાની હોય છે; સ્ફીત-વિશાળ હૃદયવાળાને મન તો આખી દુનિયા સ્વકુટુંબ સમાન હોય છે. તે સહુને સ્વ આત્મા સમાન લેખે છે.

૨ વિદ્યા અને અર્થ-ધન ઉપાર્જન કરતાં તો જાણે મરવું જ નથી એવી રીતે કુશળ જનો ચિન્તવે; પરંતુ જાણે મૃત્યુએ ચોટલી પકડી હોય એવી ચિન્તાથી ધર્મ-કર્તવ્ય કરવા તત્પરજ રહે.

૩ જ્યાં સુધી જરા-વૃદ્ધ અવસ્થા આવી લાગી નથી, રોગ વૃદ્ધિ પામેલ નથી, અને પોતાની ઇંદ્રિયો ક્ષીણ થઇ ગઇ નથી ત્યાં સુધીમાં અહો ચતુર નર! ધર્મસાધન-આત્મસાધન કરી લે..

૪ ઘર બળવા લાગે ત્યારે કુવો ખોદવો નકામો છે તેમ તથાપ્રકારની સાધન-સામગ્રીનો લાભ લઇ સાવધાનતાથી મૃત્યુ સામે તૈયારી કરી નહિ રાખનારને અંત વખતે નાસીપાસ થવું પડે છે-પસ્તાવું પડે છે, તેથીજ પાણી પહેલાં પાળ બાંધવી સારી છે.

૫ મન મરવાથી ઇન્દ્રિઓ મરે છે-મનને વશ કરવાથી ઇન્દ્રિયો સહેજે વશ થઈ શકે છે. ઇન્દ્રિયો મારવાથી (વિરાગથી વિષયોનો જય કરવાથી-રાગ દ્વેષને જીતવાથી ) મોહાદિક દુષ્ટ દોષોનો અંત થાય છે, અને દોષમાત્ર દૂર થવાથી અક્ષયસુખરૂપ મોક્ષની પ્રાપ્તિ થઈ શકે છે તેથી મનને મારવું-વશ કરી લેવું શ્રેષ્ટ-શ્રેયકારી છે.

૬ ગમે તેવાં સાંસારિક સુખ ક્ષણિક કલ્પિત અને ઉપાધિગ્રસ્ત છે ત્યારે મોક્ષના સુખ સ્વાભાવિક, અક્ષય, અનંત અને નિરૂપાધિક છે.

૭ સમ્યગ્-યથાર્થ જ્ઞાન શ્રદ્ધા અને ચારિત્રનું સંસેવન કરવાથીજ (આત્મજ્ઞાન-દર્શન અને સ્થિરતા આદરવાથીજ) સકળ જન્મ મરણનો અંત થઇ શકે છે. એ પવિત્ર રત્નત્રયીનું આરાધન કરવાથી સકળ કર્મજંજાળ છુટી જાય છે અને અક્ષય સુખ સાંપડે છે. ઈતિશમ્.

——:०×*×•:——

કરો રક્ષા વિપદમાંહી, ન એવી પ્રાર્થના મારી;<br>
વિપદથી ના ડરૂં ક્યાહી, પ્રભો! એ પ્રાર્થના મારી.<br>
કરો દુઃખ તાપની શાંતિ, ન એવી પ્રાર્થના મારી;<br>
સહુ દુઃખો શકું જીતી, પ્રભો! એ પ્રાર્થના મારી.

# સ્વદેશી ઔષધ.

હાલમાં દીનપ્રતિદિન વિલાયતી દવાઓનો પ્રચાર એટલો બધો વધી ગયો છે કે સ્વદેશી દવાઓ—ઔષધોને તો ભૂલીજ ગયા છીએ. દેશી વૈદ્યોને જોઇએ તેવું ઉત્તેજન રહ્યું નથી. વિલાયતી દવાથી ત્રણ પ્રકારની પાયમાલી થાય છે. શરીરની, ધર્મની ને પૈસાની. તે દવાઓના ઘુંટડા ભરવાથી પરિણામે શરીર ખરાબ થાય છે, ધર્મ તો જળવાતોજ નથી; કારણ કે પ્રવાહી દવાઓમાં બહોળે ભાગે મદ્ય તો હોયજ છે અને બીજી દવાઓમાં પણ અનેક પ્રકારના પ્રાણીઓનાં–તેના અંગોપાંગોનાં સત્વો વિગેરે હોય છે. જેમ કોડલીવરઓઇલ કોડ જાતની માછલીના લીવરમાંથી નીકળેલું–મારીને કાઢેલું તેલ છે, તેમ બીજી ઘણી દવાઓ જીવોનાં સત્વરૂપે પ્રવાહી તેમજ કોરી હોય છે. એટલે તેવી દવાઓ પીવાથી આપણો ધર્મ નાશ પામે છે એ પ્રત્યક્ષ છે. ધર્મની લાગણી પણ બુંઠી થઇ જાય છે. પૈસાની પાયમાલીનું તો પૂછવુંજ શું? દેશી વૈદ્યને વર્ષ આખરે બે રૂપીઆ આપનારા ડાકટરને એક ફેરો લાવી પા કલાકના બે રૂપીઆ આપે છે અને ગાડીભાડા ઉપરાંત તાબેદારી ભોગવે છે. દેશી વૈદ્ય આપણી તાબેદારી ઉઠાવતા હોય તેમ હાજરી આપે છે અને કેટલાક જોખમવાળા–ભયવાળા-ઘુંચવાયેલા વ્યાધિમાં પણ દેશી વૈદ્યો (કેટલાક) અજબ કામ કરે છે. માત્ર ઓપરેશનનું કામ આપણા વૈદ્યો પ્રાયે કરતા નથી, તેથી તેવા વ્યાધિઓ મૂકીને બાકીને માટે શા સારૂ ત્રણે પ્રકારની પાયમાલી વહોરી લેવામાં આવે છે તે સમજાતું નથી. આ બાબત ખાસ વિચારની જરૂર છે.

આ હકીકત જો ધ્યાન દેવા લાયક લાગે તો દરેક ગામ ને શહેરોના ઉદાર શ્રીમંતોએ દેશી ઔષધાલય ખોલવા જોઇએ. તેમાં પ્રવીણ દેશી વૈદ્ય અથવા વૈદ્યોને પગારો આપીને રોકવા જોઇએ અને દવાઓ પણ દેશી સારી સારી રાખવી જોઇએ. તેને માટે મકાન તો સર્વજનિક પણ મળી શકે, નહિતો ભાડે લેવાય. એમાં પરિણામે દરદીના પ્રમાણમાં ખર્ચ બહુજ ઓછો આવે છે, આરામ ને શાંતિ ઘણાને મળે છે, અને આશીર્વાદ એટલા મળે છે કે તેવા ઔષધાલય ખોલનારનું આ ભવમાં ને પરભવમાં કલ્યાણ થાય છે. આ હકીકત ભાવનગર ખાતે એક દેશી ઔષધાલય જૈન વર્ગ માટે ખોલેલું જોઇને તેના અનુભવ ઉપરથી લખી છે કે એમાં બહુ લાભ છે, ઓછો ખર્ચ છે, જૈનબંધુઓને, સ્ત્રીઓને અને બાળકોને ઘણી શાંતિ મળે છે અને ધર્મ જળવાય છે. આશા છે કે શ્રીમંત વર્ગ અને ધર્મ જીજ્ઞાસુઓ આ બાબત ઉપર અવશ્ય ધ્યાન આપશે. કેટલાક બંધુઓ પ્રેરકનું કામ કરશે તો તેઓ પણ કલ્યાણના ભાગીદાર બનશે.

આપણો આર્ય દેશ—હિંદુસ્થાન એક પણ બાબતમાં બીજા દેશનો ઓશીઆળો નથી એવી કુદરતની તેના પર મહેરબાની છે, છતાં લાખો રૂપીઆની દવાઓ પણ પરદેશથી આવે અને તેના ઉપર આપણી જીંદગાની કે શરીરસંપત્તિ લટકી રહે તે કેટલી શરમની વાત છે.

સ્વદેશીની હીલચાલમાં સ્વદેશી શબ્દથી, સ્વદેશી ટોપીથી, સ્વદેશી વસ્ત્રોથી જેમ કેટલાક રાજા મહારાજાઓ અને કેટલાક રાજ્યાધિકારીઓ ભડકે છે, તેમ કેટલાક ત્યાગી સાધુઓને પણ સ્વદેશી શબ્દ પ્રિય લાગતો નથી, પણ એમ ચોક્કસ માનશો કે આપણે જ્યારે આપણા પગ ઉપર ઉભા રહી શકીએ એવા થશું, આપણા દેશની વસ્તુઓથીજ આપણે નિર્વાહ કરતા થઇશું ત્યારેજ આપણે ખરા સુખી થવાના છીએ, ધર્મ પણ આપણો ત્યારેજ બરોબર જળવાવાનો છે અને આપણી સંપત્તિ પણ ત્યારેજ સ્થિર થવાની છે.

આ લખવાનો હેતુ એટલો છે કે સ્વદેશી વસ્ત્રાદિકની જેમ તમામ વસ્તુ સ્વદેશી વાપરવાથીજ લાભ છે. આ વાત અનેક પ્રકારે સિદ્ધ થયેલી છે. સ્વરાજ્ય ખરૂં એનુંજ નામ છે. આપણે બીજા દેશના, બીજી વ્યક્તિના ઓશીઆળા મટીએ તેજ ખરૂં સ્વરાજ્ય છે. તે મેળવવા પ્રયત્ન કરો એટલે બસ છે. ખાનપાનમાં વસ્ત્રાલંકારમાં, પરસ્પરના તમામ પ્રકારના વ્યવહારમાં સ્વદેશીને આગળ કરો, તેને સંભારો, તેને ઉત્તેજન આપો, જુઓ તેથી તમારા પૈસા, તમારો ધર્મ, તમારૂં શરીર અને છેવટે તમારો દેશ જળવાશે, વૃદ્ધિ પામશે અને તમારી ધારણાઓ—શુભ ધારણાઓ પાર પડશે.

પ્રાંતે ફરીને સ્વદેશી ઔષધોજ કરવાની દરેક બંધુઓએ પ્રતિજ્ઞા કરવી જોઇએ એવી સૂચના કરવી યોગ્ય લાગે છે. કદી ખાસ જોખમવાળા થઈ પડેલા વ્યાધિઓ સિવાય તો એ મદ્ય (મદિરા) મિશ્રિત દવાઓ પીવાનું બંધ કરો, બાધા લ્યો, પ્રતિજ્ઞા કરો અને બીજાઓને તેને માટે તમારાથી બનતી સગવડ કરી આપો કે જેથી બીજા બંધુઓ પણ તેવી પ્રવૃત્તિ કરવા તૈયાર થાય. આ પ્રાર્થનાનો અવશ્ય સ્વીકાર થશે એમ ધારી આ લઘુ લેખ સમાપ્ત કરવામાં આવે છે.

સહાયે કો ચડી આવો, ન એવી પ્રાર્થના મારી;
તુટો ના આત્મબળ દોરી, પ્રભો ! એ પ્રાર્થના મારી.
મને છળ હાનિથી રક્ષો, ન એવી પ્રાર્થના મારી;
ડગું ના આત્મપ્રતીતિથી, પ્રભો ! એ પ્રાર્થના મારી.
પ્રભો! તું પાર ઉતારે, ન એવી પ્રાર્થના મારી;
તરી જાવા ચહું શક્તિ, પ્રભો ! એ પ્રાર્થના મારી.

# વિદ્યાર્થી જીવન શી રીતે ઉચ્ચ થાય ?

( સંગ્રાહક-ચંપકલાલ જમનાદાસ મસાલીઆ. )

વિદ્યાર્થીઓએ નીચે લખેલા વિષયોપર ખાસ ધ્યાન આપવાની જરૂર છે, કારણ કે તે તેમની ઉન્નતિમાં સહાયભૂત થાય છે.

**અભ્યાસ**-જેઓ પોતાના જીવનને અનુકરણીય અને દ્રષ્ટાંતિક બનાવવા ઇચ્છતા હોય તેમણે સંપૂર્ણ ઉમંગ, ઉત્સાહ અને ઉદ્યમપૂર્વક સતત્ અભ્યાસ ચાલુ રાખવો જોઇએ. યાદ રાખો કે સમસ્ત ભોગવિલાસોને એક બાજુ મૂકી દઇ વિદ્યાના સમુદ્રમાં કુદી પડવું અને વિદ્યારૂપી સમુદ્રમાંથી જ્યાંસુધી ઉચ્ચ પ્રકારના મોતી હાથ ન આવે ત્યાંસુધી સતત્ મહેનત કર્યા કરવી એ તમારૂં મુખ્ય કર્તવ્ય હોવું જોઇએ. ચોક્કસ માનજો કે ગપાટા કે ટાયલાં એ તમારા માર્ગમાં કંટકરૂપ છે, માટે નિષ્ફળ વાતચીતમાં કે ગપાટા હાંકવામાં કે તેવીજ બીજી જાતની કુથલીમાં તમે તમારા જીવનનો આ અમૂલ્ય અવસર જવા દેશો નહિ.

**મિત્રતા**—મિત્રતા સજ્જનોનીજ કરવી જોઇએ. સજ્જન સમાગમ સહેજે પ્રાપ્ત થઇ શકે તેમ નથી. સંસારના મોટા ભાગની પ્રવૃત્તિ જોઇશું તો આપણને જણાશે કે તેઓ પ્રાયઃ કુડકપટ અને વિશ્વાસઘાતનીજ બાજીઓ ખેલતા હોય છે. આવું જીવન સચ્ચારિત્રથી બહુ વેગળું જણાય છે. આવા જીવનને સુધારવાની મુખ્ય ચાવી સજ્જનોજ છે. સજ્જન સમાગમથી સદ્ગુણોની અસર હૃદય ઉપર એવી તો દ્રઢ બેસી જાય છે કે પુનઃ તે નાબુદ થઇ શકતી નથી, માટે બને ત્યાંસુધી સત્પુરૂષોના સમાગમમાં રહેવાની ભાવના રાખવી. યાદ રાખો કે—

क्षणमपि सज्जनसंगतिरेका, भवति भवार्णवतरणे नौका ।

ભાવાર્થ—એક ક્ષણ માત્રની સજ્જન પુરૂષોની સોબત આ ભવસાગર તરવામાં નૌકા સમાન થઇ પડે છે.

**પુસ્તકો**—એક વિદ્વાન કહે છે કે સદ્ગ્રંથો મનુષ્યોના ઉત્તમોત્તમ મિત્રો છે. સજ્જન સમાગમ સહેજે પ્રાપ્ત થઇ શકતો નથી માટે ઉત્તમોત્તમ પુસ્તકો તથા લેખોનો સહવાસ રાખવાથી એ અભાવ થોડે ઘણે અંશે દૂર થઇ શકે છે. જ્યારે જ્યારે સમય મળે ત્યારે ત્યારે ચારિત્રસુધારણા સંબંધી પુસ્તકો વાંચતા રહેવું જોઇએ. એ પુસ્તકો તમને જ્ઞાની અને સદાચારી બનાવશે. જ્ઞાની અને સદાચારી મનુષ્ય એવો નિર્મળ આનંદ અનુભવે છે કે તેના પર સંસારના કડવા અનુભવો પણ કશી માઠી અસર ઉપજાવી શકતા નથી. તે તો ગમે તેવા દુઃખદ પ્રસંગમાં પણ આત્મા સમાહિતપણે સ્વસ્થ-શાંત અને ગંભીરજ

બની રહે છે. ચોક્કસ માનો કે સદ્‌ગ્રંથોના વાંચનથી મનુષ્ય ગંભીર-વિચારશીલ-દૂરદર્શી તથા સાહસિક બની શકે છે.

**વ્યાયામ**—એક વિદ્વાન કહે છે કે—

**धर्मार्थिकाममोक्षाणां, आरोग्यं मूलमुत्तमम् ।**

અર્થાત્ પુરૂષાર્થની સિદ્ધિને માટે આરોગ્યની પ્રથમ જરૂર છે. શરીરનું સ્વાસ્થ્ય સાચવવાને તેમજ માનસિક શ્રમ દૂર કરવાને શારીરિક શ્રમ-કસરત એ એક બહુ ઉપયોગી સાધન છે. સબળ મન અને સબળ શરીર સમસ્ત વિશ્વને પોતાના ચરણોમાં નમાવી શકે છે. એક મહાપુરૂષ કહે છે કે—

"Dron nerves with an well intelligent brain and the whole world is at your feet "

વળી કહ્યું છે કે—"Weakness is sin." અર્થાત્ દુર્બળતા એ પાપ છે, માટે દરેકે આરોગ્યની નજરે કસરતને પ્રથમ સ્થાન આપવાની જરૂર છે.

**નિર્ભયતા**—નિર્ભય અને નિશ્ચિંત મનુષ્ય પોતાના લક્ષ્ય સ્થળે પ્રથમ પહોંચી શકે છે, માટે નિર્ભયતાની ખાસ જરૂર છે. આપણે માર્ગમાં ચાલીએ છીએ ત્યારે આપણા પગતળે અનેક કાંકરાઓ તથા પથરો ચગદાય છે પણ તે તરફ આપણે બીલકુલ લક્ષ્ય નહિ આપતાં સીધા ચાલ્યા જઈએ છીએ, તેજ પ્રમાણે તમે પણ વિઘ્ન કે કંટકની દરકાર કર્યા વિના સીધા માર્ગે નિશ્ચિંતપણે-નિર્ભયતાપૂર્વક ચાલ્યા જાઓ. કોઇથી ખોટી રીતે ડરશો નહિ. જો કોઇનાથી ડરવાની કે ગભરાવાની ખોટી આદત તમને પડી જશે તો તમારા ઉન્નતિના માર્ગમાં તમે બહુ આગળ વધી શકશો નહિ. **નિર્ભયતા એ આત્માનું એક દીવ્ય સ્ફુરણ છે.** ખચીત માનો કે સંસારમાં આજ પર્યંત જે મનુષ્યો પ્રસિદ્ધ થઇ ગયા છે તે સર્વ પ્રતાપ તેમના સાહસનો, દ્રઢતાનો તથા નિર્ભયતાનોજ છે.

**ઉત્કૃષ્ટ જીવન**—આ જગતમાં જન્મ ધરીને પેટ કોણ નથી ભરતું ? કુતરાં અને બિલાડાં પણ તેમ કરી શકે છે. જો આપણે પણ તેમની માફક આપણું એકલાનું સુખ શોધીને બેસી રહીએ તો જનાવરમાં અને આપણામાં શો ભેદ રહે ? માટે મનુષ્યોએ પરહિતાર્થે અને તેટલો ભોગ આપવાને તત્પર રહેવું જોઇએ. આ શાળારૂપી સંસારમાં પ્રથમ આપણે કુટુંબ પરિવારના માણસો પ્રત્યે પ્રેમ રાખતાં શીખવું જોઇએ અને ધીમે ધીમે આ નિઃસ્વાર્થ પ્રેમને એવો તો વિશાળ બનાવવો જોઇએ કે જે ક્રમે ક્રમે મિત્રો, સંબંધીઓ તથા જગતના સમસ્ત મનુષ્યો પ્રત્યે અસ્ખલિતપણે સતત્ વહ્યા કરે. પોતાના તનથી, મનથી અને ધનથી અન્ય પ્રાણીને ઉપયોગી થવું એજ ઉત્કૃષ્ટ જીવનનું લક્ષણ છે.

# महावीर.

## પ્રાચીન અહિંસોપદેશક.

(લેખક-ભોગીલાલ મગનલાલ –પુના.)

પ્રો. ટિ. એલ. વાસ્વાની, એમ. એ.—આ નામના એક વિદ્વાન્ ગૃહસ્થે પ્રસ્તુત લેખ લખેલ હોઇ તે મુંબઇના ક્રોનિકલ નામના અંગ્રેજી દૈનિક પત્રમાં પ્રસિદ્ધ થયો છે. શ્રીયુત્ વાસ્વાની સાહેબના મહાવીર સંબંધી વિચારો અતિ મનનીય હોવાથી અત્ર અનુવાદિત કરવામાં આવ્યા છે.

યુરોપ અને એશિયા—આ દેશોમાં અસંતોષ અને હિંસકવૃત્તિ ઘણીજ ઉદ્દીપ્ત થઇ છે. ઘણાં ગામોમાંની નાની નાની સંસ્થાઓ અગર સમાજો પોતાની અસંતોષવૃત્તિ દૂર કરી સારી સુધારણા થાય એવી ઇચ્છા ધરાવે છે, પરંતુ તેઓની ઇચ્છા સોશિયાલીઝમ્ (સમાજ વ્યવસ્થા) અને બોલ્શેવીઝમ્ (રાષ્ટ્રીય સુધારણા) નાં તત્વોનો પ્રચાર કરી સુધારણા કરવી એવી નથી. બોલ્શેવીઝમ તત્વથી સુધારણા થઇ ખરી, પણ કયા આધાર ઉપર ? તે પ્રમાણે સિનફીનીઝમ્ (આયરીશ તત્વ) ચારે દિશાઓમાં પ્રસાર પામે એવી પણ તેમની ઇચ્છા નથી. કારણ કે સિનફીનીઝમ્ તત્વમાં સર્વ ગુણો છે, પરંતુ જીવિત માટે પૂજ્ય બુદ્ધિનો માત્ર અભાવ છે. સુધારણા થાય એવી જે જે જુદા જુદા દેશોની ઇચ્છા છે તેમનો અહિંસા ઉપર દૃઢ વિશ્વાસ છે.

પશ્ચિમવાસી લોકોનું એવું માનવું છે કે હિંદુસ્થાનમાં અહિંસા ઉપર દૃઢ વિશ્વાસ રાખનારા ઘણા લોકો છે; પરંતુ મારા મત પ્રમાણે આ સંખ્યા રાજનીતિકુશળ લોકોમાં ઘણીજ અલ્પ છે. અહીં મહાત્મા ગાંધીજી અખિલ દુનિયામાં ઉચ્ચ દર્શનના અહિંસોપદેશક છે. મહાત્મા ગાંધીજીનું તત્વ અને ટૉલ્સ્ટૉયની શિખામણ સરખી છે. "અગ્નિ અગ્નિથી બુઝાતો નથી, તેમ પાપનું પ્રક્ષાલન પાપથી થઇ શકતું નથી." આજ તત્વ ટૉલ્સ્ટૉયે પ્રતિપાદન કર્યું છે. ટૉલ્સ્ટૉયનું તત્વ ક્રાઇસ્ટની શિખામણનું પરિણામ છે.

ઇસ્વીસન પાંચમી સદી પહેલાં અહિંસા તત્વનો ઉપદેશ એક પ્રચંડ હિંદુ સાધુ પુરૂષે કર્યો હતો. એ સાધુ પુરૂષ જૈનોના ભવિષ્યવેત્તાઓમાંનો એક હતો, જૈનલોક તેમને **મહાવીર** કહે છે. જૈનો તેમની ભગવાન્ જગદીશ્વર તરીકે પૂજા કરે છે અને પ્રાર્થના કરે છે. તેમના સંબંધમાં વિશેષ લખેલું જૈનેતર પુસ્તકોમાં માલમ પડતું નથી. મને તે મહાત્મા વિષે જે જ્ઞાન થયું છે, તેથી મારા અંતઃકરણ ઉપર અદ્ભુત પરિણામ ઉદ્ભવ્યું છે. તેમનું આયુષ્ય

ચમત્કારિક પ્રેરણાથી પરિવ્યાપ્ત હતું, અને તેમનું જીવન આશ્ચર્યકારક રહસ્યોથી ભરેલું હતું.

ભગવાન્ બુદ્ધના તેઓ સમકાલીન હોવાથી બુદ્ધનો પરિત્યાગ, તત્ત્વ ઉપરનો તેમનો પ્રેમ વિગેરેનું સ્મરણ થયા વગર રહેતું નથી. બિહાર પ્રાંતના એક ગામડામાં તેમનો જન્મ ઈ. સ. પૂર્વે ૫૯૯માં થયો હતો. તેમના પિતા એક ક્ષત્રિય રાજા હોઇ તેમની બ્હેનનો વિવાહ મગધદેશના એક મોટા રાજા સાથે થયો હતો. તેમને નિશાળે મોકલતા જણાઈ આવ્યું કે શિક્ષણની તેમને જરૂર ન હતી. જન્મથીજ તેઓ સર્વગુણસંપન્ન હતા. બુદ્ધ ભગવાન્ પ્રમાણે તેમનું લગ્ન થયું હતું. અઠ્ઠાવીશમા વર્ષે તેમનાં માતાપિતા કાળધર્મ પામ્યા, ત્યારપછી બે વર્ષે પોતાના બંધુની આજ્ઞા લઈ તેઓએ સર્વ સંગ પરિત્યાગ કરી લોકસેવાના ઉચ્ચ હેતુથી દીક્ષા ગ્રહણ કરી. ત્યારપછી તેઓએ ઈશ્વરભક્તિમાં અને તપશ્ચર્યામાં કાળ વ્યતીત કર્યો. મહાવીરને બાર વર્ષ પછી સાક્ષાત્કાર થયો (કેવળજ્ઞાન થયું.) અને તેઓ તીર્થંકરસિદ્ધ અને સર્વાંગ મહાવીર સ્થિતિ સુધી જઇ પહોંચ્યા. જૈન પુસ્તકમાં વર્ણન કર્યા પ્રમાણે તેઓ અનંતજ્ઞાની અથવા કેવળજ્ઞાની થયા. તેઓએ ત્રીશ વર્ષ સુધી બંગાળ, બિહાર, ઓરિસા આદિ પ્રાંતોમાં પ્રવાસ કરી લોકજાગૃતિ સાથે લોકોને અહિંસાનો ઉપદેશ આપવો શરૂ કર્યો હતો. તેઓ એક જૈનધર્મની સ્થાપનામાં વૃદ્ધિ કરનારા હોઇ તેમને અગિયાર મુખ્ય શિષ્યો હતા અને તે શિષ્યોના સાડા ચાર હજાર અનુયાયીઓ હતા. તેમના શિષ્યમંડળમાં અને અનુયયી વર્ગમાં બ્રાહ્મણ–અબ્રાહ્મણ એવો બીલકુલ ભેદ ન હતો. જાતિભેદનો તેમને દુરાગ્રહ ન હતો. તેમને લોકો મહાવીર કહેતા, અને તેઓ સંપૂર્ણ મહાવીર હતા. તેમનો બુદ્ધિદર્શક પીળો (સુવર્ણ જેવો) રંગ હતો અને વીરત્વદર્શક સિંહનું ચિન્હ (લંછન) હતું. આધુનિક હિંદુસ્થાનને આવા મહાન્ વીરોની–દેશ માટે મરી ફીટનારાની ઘણી જરૂર છે. અત્યારે માત્ર પૈસા અને જ્ઞાનની જરૂર નથી; પરંતુ 'સ્વરાજ્ય એ મારો જન્મસિદ્ધ હક છે અને તે હું મેળવીશ જ' એવું નિર્ભયપણે કહેનારા વીરોની આજે જરૂર છે. તેઓનું ચરિત્ર અનેક પરાક્રમોથી ભરેલું હોઇ સ્વાર્થત્યાગ અને ઇંદ્રિયદમન, અખિલ પ્રાણી માત્ર ઉપર સમભાવ અને પ્રેમદૃષ્ટિ એ તેમનો સિદ્ધાંત હતો.

અહિંસા તત્ત્વના બે ભેદ છે. એક પોઝીટીવ અને બીજો નેગેટીવ. સર્વને આપણા જેવાજ ગણો, એ કહેવામાં ઐકયતાનો સમાવેશ થયેલો દેખાય છે. કોઈ પણ હૃદયને ન દુઃખવતાં તેના ઉપર આપ્ત દૃષ્ટિ રાખો અને કોઇને પણ ત્રાસ ન આપો એ એમના ઉપદેશમાં સ્પષ્ટ તરી આવે છે.

યુરોપમાં આજે ઘણાં વરસોથી પાશવી સત્તા, બળાત્કાર, અસંતોષ, વર્ણ-દ્વેષ અને લડાઇઓ ચાલી રહી છે. હિંદુસ્થાનમાં પણ તેઓએ ઇંદ્રજાળ ફેલાવી છે. હમણાજ પ્રસિદ્ધ થયેલા એક પુસ્તકમાં એક ફ્રેંચમેન લખે છે કે 'અમો જર્મનીનો પૂર્ણ નાશ જોવા ઇંતેજાર છીએ.' તે પ્રમાણે રશીયન રીલીફ ફંડમાં મદદ માગતા એક હિંદીવાને કહ્યું છે કે 'યુરોપીઅનોનો નાશ થાય એજ અમારી ઇતિકર્તવ્યતા છે.' આવી વાતો સાંભળી મારૂં અંતઃકરણ ચીરાઇ જાય છે, અને મને ભગવાન્ મહાવીરનું સ્મરણ થઇ આવે છે. મારૂં અંતઃકરણ તેમની પાસે દોડી જાય છે, અને ઇસ્વીસન પાંચમી સદી પહેલાં જે અપીલ ભગવાન્ મહાવીરે લોકોને કરી હતી કે **દ્વેષ સાથે પ્રેમથી લડો-વૈરની વસુલાત પ્રેમથી કરો,** એ સુવર્ણ સિદ્ધાંત યાદ આવે છે.

## અમૂલ્ય મંત્ર--નમ્રતા.

**( લેખક-ભાઇલાલ સુંદરજી મહેતા-ઝીંઝુવાડા. )**

આ માત્ર ત્રણજ અક્ષરનો મંત્ર તે આખી જગતને ક્ષણમાત્રમાં વશ કરવા ઇચ્છે તો તેવું દુસ્સહ કાર્ય પણ કરી શકે તેમ છે. મોટા મોટા મંત્રોથી પણ અધિક ફળ આપનાર ફક્ત આ ત્રણજ અક્ષરનો મંત્ર દરેક સદ્‌ગુણી પુરૂષોએ હૃદયમાં ધારણ કરી તેની વિધિ સંપૂર્ણપણે સાચવવાની આવશ્યકતા છે.

દુનીઆમાંના સર્વ મંત્રોની સાધના કરતાં જેમ વિચક્ષણ ઉત્તરસાધકની જરૂર પડે છે તેવીજ રીતે ઉક્ત મંત્રની સાધના કરવામાં સન્મિત્ર અગર સદ્‌ગુરૂ રૂપ ઉત્તરસાધકની ખાસ અગત્ય છે.

બીજા મંત્રો અમુકજ પ્રકારના લાભને આપે છે ત્યારે આ નાનકડો મહામંત્ર દુનીઆમાંની સર્વ સાર વસ્તુની પ્રાપ્તિ કરાવે છે. બીજા મંત્રોની સાધના કરતાં કેટલાક પ્રકારની પ્રતિકૂળતા તેમજ ધર્મવિરૂદ્ધ આચરણ સેવવું પડે છે, ત્યારે આ મંત્રથી ધર્મની પુષ્ટિ થાય છે, તેમજ નિરંતર આનંદમાં મગ્ન રહેવાય છે.

બીજા મંત્રોથી અન્યને કષ્ટ પડે છે ત્યારે ઉપર જણાવેલ મંત્ર સર્વની સાથે ગાઢ મિત્રાચારી કરાવી આપે છે. બીજા મંત્રોની સાધનામાં રાત્રીજાગરણ કરવું પડે છે, ત્યારે આ અમૂલ્ય મંત્રથી નીરાંતે શાંતિમાં રહેવાનું મળે છે. આવા અનર્ગળ ગુણોથી ભરપૂર મંત્રને ગ્રહણ કરવા કયો સજ્જન પુરૂષ વિલંબ કરે ? જેમ બીજા મંત્રો સાધતાં કષ્ટ સહન કરવું પડે છે તેમ આ મંત્ર

સાધવામાં લેશમાત્ર કષ્ટ સહેવું પડતું નથી; પણ ઉદ્યમ વિના જેમ ફળ પ્રાપ્ત થતું નથી, ચાલ્યા વિના ઇચ્છિત સ્થાનકે પહોંચાતું નથી, એ જેમ સ્વાભાવિક છે, તેવીજ રીતે આ મંત્રના નિયમો પણ ધ્યાનમાં રાખી તે પ્રમાણે વર્તન રાખવાની ખાસ જરૂર છે ને તે નિયમો અભ્યાસથી જાળવી શકાય છે.

જેમ નાના બાળકને નિશાળે ભણવા મોકલતાં તે બાળક અજ્ઞાનતાને અંગે ( રમવાની અભિલાષાએ ) વિદ્યાશાળામાં જવાની આનાકાની કરે છે, પણ જ્યારે તેને ખરૂં ભાન થાય છે ત્યારે પોતાની મેળેજ તે ભણવા ગણવામાં આગળ પડતો ભાગ લે છે; વળી જેમ શરૂઆતથી કોઈ પણ ભારે કામ આરંભતાં ઘણીજ મુશ્કેલી લાગે છે પણ તે કામની સંપૂર્ણ માહીતી થતાં તે કામ એકદમ સહેલું થઇ પડે છે; વળી કોઇપણ કાર્યની પ્રેકટીસ પાડતાં પ્રથમ તેમાં ઘણી જગ્યોએ ભૂલો થઇ જાય છે પણ તે કામમાં પૂર્ણતા મેળવ્યા પછી તેમાં એક પણ દોષ નજરે પડતો નથી. આ બધાં ફળ માત્ર પ્રેકટીસનાજ છે એમ સમજી દરેક સારી બાબતની પ્રેકટીસ પાડવી તેજ ઉચિત છે. આપણા માનનીય મંત્રમાં પણ ખરેખર પ્રેકટીસને અગ્રપદ આપવાનું છે. આપણા સર્વે કાર્યો પ્રેકટીસથીજ પૂર્ણ કરવાના છે. આ મહામંત્રનું નામ “ નમ્રતા ” છે.

પ્રથમ તો આ મંત્ર પ્રાપ્ત કરવો આપણને ઘણોજ કઠીન થઇ પડશે, ઉક્ત મંત્ર સાધવામાં નીચેના નિયમોનું પાલન કરવાની પ્રેકટીસ પાડવી જોઇએ.

આપણા દોષો જોવા, પારકાના ગુણો ગ્રહણ કરવા, એટલુંજ નહિ પણ વડીલોની સેવા કરવી, તેમના વચનોનો સાદર અમલ કરવો. આપણા દોષો તેમની સમક્ષ કબુલ કરવા, વડીલો તેનું જે પ્રાયશ્ચિત્ત આપે તે પ્રમાણે કરી આપણે શુદ્ધ થવું, આપણા ગુણનો અગર આપણી કોઇ વસ્તુનો લેશમાત્ર મદ કરવો નહીં તેમજ મોટા નાનાની યોગ્ય સેવા બરદાસ્ત યથાશક્તિ કરવી. સાર વસ્તુને સ્થાન આપવું ને ખરાબ વસ્તુને સારી બનાવવા પ્રયત્ન કરવો, આપણી ઉછાંછળી વૃત્તિને બાળીને ભશ્મ કરવી, કોઈની સાથે કલેશ થાય તે પ્રમાણેનું વર્તન તજવું, પારકી નકામી પંચાતોમાં આપણો અમૂલ્ય વખત ન ખોવો. આ દુનિયામાં આપણે ઘણા કામો કરવાના છે. આપણે પૂર્વના પૂન્યોદયથી ઉત્તમ નરદેહ તેમજ સારી સામગ્રી પામ્યા છીએ તો આપણાથી લોકોનું ભલું કેમ થાય ને લોકોને ઉપકાર કેમ કરી શકીએ, બુરા રીવાજોને દૂર કરાવી સારા રીવાજો કયારે દાખલ કરાવી શકીએ, આવા ઉત્તમ વિચારો કરવાની તથા તે પ્રમાણે અમલ કરવાને બીજાઓને તેમાં પ્રેરવાની ખાસ આવશ્યકતા છે.

આવા નિયમો પાળવાવડે આ અમૂલ્ય મંત્ર સત્વર સાધી શકાશે.

# જૈન કોમની ઉન્નતિ માટે કરવા જોઈતા સુધારા.

( લેખક-મહાસુખ હરગોવન દોશી મુંબઇ. )

——:✱o✱:——

( અનુસંધાન પૃષ્ટ ૧૫૬ થી. )

**અહિંસા**–અહિંસા એ જૈનધર્મનો મૂળ સિદ્ધાંત છે. આ સિદ્ધાંત ઉપર આખા જૈનધર્મના શાસ્ત્રોની રચના કરવામાં આવી છે. કીડી મંકોડી સરખા નાના જીવોને પણ મારવા નહિ એવું આપણા જૈન શાસ્ત્રોનું ફરમાન છે. જેટલો આપણને જીવવાનો હક્ક છે તેટલોજ નાના મોટા સર્વ જીવોને જીવવાનો હક્ક છે. આ બાબતથી જૈનકોમનાં નાના બચ્ચાંઓ પણ માહિતગાર હોય છે; કારણ કે નાનપણથી તેમને તેવા શુભ સંસ્કાર પ્રાપ્ત થાય છે. જેવો આપણો આત્મા તેવો સર્વ જીવોનો આત્મા સમજવો. **आत्मवत् सर्व भूतेषु.** આપણા શરીર ઉપર કોઇ સોય ભોંકે યા લાકડીવતી પ્રહાર કરે ત્યારે આપણને જેવું દુઃખ થાય છે તેવુંજ દુઃખ પ્રાણીમાત્રને થાય. પછી તે મનુષ્ય હો, પશુ હો વા પંખી હો એ આપણે સારી રીતે સમજવું જોઇએ. જ્યારે પ્રહાર-માત્રથી આટલું દુઃખ થાય તો પછી કોઈ પણ જીવને તેના પ્રાણથી મુક્ત કરવા એથી તેને કેટલું દુઃખ થાય એ સહેજે સમજી શકાય તેમ છે. ગાય, ભેંસ આદિ મુંગાં જાનવરોને આપણે પાંજરાપોળો દ્વારા નિભાવીએ છીએ, સારા વરસમાં આ પાંજરાપોળો ઢોરોને ઠીક ઠીક નિભાવ કરી શકે છે, પરંતુ દુષ્કાળના સમયમાં ઘણીખરી પાંજરાપોળોની સ્થિતિ પૂરતા ભંડોળના અભાવે ઘણી કફોડી થઇ જાય છે, એટલે દુષ્કાળને અંગે વધુ આવતાં ઢોરોનો નિભાવ કરવાને પાંજરાપોળોના કાર્યવાહકો અશકત બને છે.

આપણે જાણીએ છીએ કે કમનશીબે આજકાલ દુષ્કાળ તો બે બે અને ત્રણ ત્રણ વરસે પોતાનો બીહામણો અને ભયંકર દેખાવ દે છે. આ સ્થિતિમાં દરેક જૈનની અને ખાસ કરીને શ્રીમંતોની પવિત્ર ફરજ છે કે પાંજરાપોળને યથા-શક્તિ મદદ કરવી. પાંજરાપોળોના કાર્યવાહકોએ પણ ભંડોળના પ્રમાણમાંજ ઢોરો સંઘરવા કે જેથી કરીને આવેલ ઢોરોનો સારી રીતે નિભાવ થાય. ભંડો-ળનો વિચાર કર્યા વગર જેટલાં ઢોરો આવે તેટલાં સંઘરવાનું ચાલુ રાખ-વામાં આવે તો ધર્મ કરતાં ધાડ થવા જેવું થાય યાને મરણ પ્રમાણ ભયંકર અને કમકમાટી ઉપજાવે તેવું આવે.

આ તો અહિંસાની મુખ્ય અને દરેક માણસ સમજી શકે એવી વાત થઇ. પરંતુ આપણાં ધર્મશાસ્ત્રોમાં તો અહિંસાનું એટલું બારીક સ્વરૂપ બતાવ્યું

છે કે જે આપણે ભાગ્યેજ પાળતા હઈશું. આપણાં ધર્મશાસ્ત્રો પ્રમાણે તો કોઇ માણસને પૈસાથી ઠગવો યા કોઇ પણ રીતે તેનું અહિત કરવું અથવા સામા માણસનું દીલ યા લાગણી દુઃખાય તેવું કોઈ પણ કાર્ય કરવું કે ચિંતવવું તે પણ હિંસા છે. અહિંસાનું ખરૂં સ્વરૂપ જેવું મહાત્મા ગાંધીજીએ ઓળખ્યું છે તેવું જો આપણે ઓળખતા થઈએ અને મહાત્માજીની માફક અક્ષરશઃ કર્તવ્યમાં મૂકીએ તો આપણે સંપૂર્ણ જીવદયા પાળી ગણી શકાય. જુઓ મહાત્માજી અહિંસાના સંબંધમાં શું કહે છે? તેઓ કહે છે-" જે માણસ અહિંસાવ્રત પાળવાનો દાવો કરે તેનાથી પોતાનું અહિત કરનાર ઉપર પણ ગુસ્સે ન થવાય, તે તેનું બુરૂ ન ઇચ્છે, ભલું ઈચ્છે; તેને ગાળ ન દે કે તેના ઉપર હાથ ન ઉપાડે, સામેનો માણુસ જે કાંઇ ઇજા કરે તે પોતે સહન કરે. આમ અહિંસાવ્રત પાળનાર તદ્દન નિર્દોષ રહે. કોઇ પણ સજીવ વસ્તુ પ્રત્યે વૈર ન હોય તેનું નામ શુદ્ધ અહિંસા. આથી જીવજંતુ પશુ સુદ્ધાં પ્રાણીમાત્રને અભયદાન મળે છે. આપણી હિંસકવૃત્તિ તૃપ્ત કરવાને પ્રાણીઓને પેદા કરવામાં નથી આવ્યાં. જો આપણે ઇશ્વરની લીલા કળી શકતા હોઇએ તો આ સૃષ્ટિમાં તેઓનું સ્થાન કયાં છે એ ઘણુંએ સમજાય. પ્રાણી માત્ર વિષે શુભેચ્છા રાખવી એ અહિંસાનું-સક્રિય રૂપ છે, તે શુદ્ધ પ્રેમ છે. આપણી અહિંસામાંથી હિંસા, તીરસ્કાર અને કડવાશ ઉત્પન્ન ન થવાં જોઇએ. હિંદુ ધર્મશાસ્ત્રો, બાઇબલ કે કુરાન દરેકમાંથી મને તો એજ મળે છે.[1]" હિંદુસ્થાનના તપસ્વી અને આખી દુનીઆમાં મહાન્ ગણાતા મહાત્મા ગાંધીજીના અહિંસાના સંબંધમાં ઉપરના શબ્દો વાંચી કોણ એવો જૈન હશે કે જેને હર્ષનાં આંસુ નહિ આવે. આ મહાન્ વ્યક્તિને માટે સન્મિત્ર મુનિમહારાજ કર્પૂરવિજયજી વ્યાજબીજ કહે છે કે-" એ વ્યક્તિને સમજવી પણ મુશ્કેલ છે. તેમનાં કાર્યોથી આપણે મગરૂર થવાનું છે. મને તો લાગે છે કે તેઓ આપણા ધર્મના સિદ્ધાંતોનો પ્રકાશ અને પ્રચાર કરી રહ્યા છે." જ્યારે સન્મિત્ર મુનિ કર્પૂરવિજયજી મહારાજના મહાત્માજીના સંબંધમાં આવા વિચારો છે ત્યારે આપણામાં કેટલાક મહાન્ આચાર્યો, પન્યાસો તેમનો વિરોધ કરી રહેલ છે એ ખરેખર દીલગીર થવા જેવું છે. આપણે મહાત્માજીને એક વ્યક્તિ તરીકે માન નથી આપતા, પરંતુ તેમના ઉચ્ચ ચારિત્રને માટે તેમજ તેમના ઉત્તમ ગુણોને માટે માન આપીએ છીએ. તેમના વિચારોના સંબંધમાં મતભેદ હશે ( કારણ દરેક કાળમાં મહાન્ પુરૂષોના સંબંધમાં તેમ બનતું આવ્યું

---

૧ આમાં અહિંસાપરાયણ વચનો છે તે મહાવીર પરમાત્માના શાસનના નિઝરણા છે.

છે,) પરંતુ તેમના શુદ્ધ અને ઉત્તમ ચારિત્રના સબંધમાં તો બે મત છેજ નહિ. રાજ્ય પ્રકરણીય બાબતમાં તેમના વિચારોના વિરોધીઓ પણ તેમનાં ચારિત્રનાં તો મુક્તકંઠે વખાણુજ કરે છે. અહિંસાના વિષયમાં મહાત્મા ગાંધી સંબંધી આટલું લખવા ખાતર વાંચકો મને ક્ષમા કરશે એવી આશા રાખું છું, કારણકે અહિંસા સંબંધી તેમના શબ્દો મેં ટાંકેલા હોવાથી આવી એક મહાન્ વ્યકિત માટે કાંઇક વિવેચન કરવું મને ઉચિત લાગવાથી મેં તેમ કરવામાં મારી ફરજ બજાવી છે. અપૂર્ણ.

## सौंदर्यता.

( અનુસંધાન પૃષ્ટ ૧૬૨ થી. )

આપણા મ્હોંની સુંદરતાનો આધાર આપણા ધ્યાન ઉપર પણ છે. સૌંદર્યનું અહોનિશ ધ્યાન કરવાથી સૌંદર્ય પ્રાપ્ત કરી શકાય છે પણ તેમાં કર્મનો પ્રબળ હાથ હોય છે. કીડો ભ્રમરનું ધ્યાન ધરવાથી ભ્રમર સ્વરૂપી બની શકે, પણ આધ્યાત્મિક ધ્યાન વિના સર્વ ફોગટ. સૌંદર્ય પુન્ય પ્રમાણે હોય છે. आकृतिः गुणान् कथयति એ આધારે આપણી મુખાકૃતિ આપણા અંતઃકરણનો આરીસો છે. તેમાં જોવાથી માણસના સ્વભાવ અને વર્તન કેવાં છે તે જાણી શકાય છે. આપણી મુખાકૃતિ દ્વારા જો આપણા વિષે બીજાના મનમાં ઉચ્ચ કોટીનો અભિપ્રાય ઉપજાવવો હોય તો સૌથી પહેલાં આપણે અંતઃકરણને શુદ્ધ બનાવવું પડશે; પણ કેટલીક વાર તો આપણાં બાળકોને વધારે સુંદર અને ફક્કડ બનાવવા સૌંદર્યના કુદરતી કાયદાઓનું ઉલ્લંઘન કરી તેમને નાટકીય પોશાકોમાં શણગારીએ છીએ. વણીક કુળના હોઇ ક્ષત્રિય, રજપુત વા મુસલમાનને છાજે તેવા પોષાકમાં સજ્જ કરી જનસમાજની પ્રશંસાના ખોળે ધરીએ છીએ. એમાં આપણે શરમાવાને બદલે ગૌરવ સમજીએ છીએ. શરીર ઢંકાવવા અને મર્યાદા પળાવવા, આપણે સ્ત્રીઓને જે વસ્ત્રો આપીએ તે ઝીણા વિલાયતી ન હોવા જોઇએ કે જેથી વસ્ત્ર પહેર્યાં છતાં તેઓ નગ્ન દશામાં હોય તેવી દેખાય. પાશ્ચિમાત્ય સુધારાનો ઝેરી પવન આપણને સૌને લાગવાથી આપણે સૌ અંગ્રેજી પોશાકોનું અનુકરણ કરતાં થયા, વિદેશીઓને છાજે તેવા એશઆરામમાં આપણું સર્વસ્વ તણાયું, અન્ય કોમ કરતાં આપણીજ કોમ ફેશનમાં વધારે ફસાઇ, કવિરત્ન નાનાલાલ પણ આપણામાં કેટલીક ખામીઓ વિષે સૂચના કરતાં મોટામાં મોટી ખામી એજ જણાવે છે કે આપણે પર-

માત્માના ચૈત્યમાં દર્શન નિમિત્તે જતાં સાદાં સ્વચ્છ અને પવિત્ર વસ્ત્રો પરિધાન કરવાને બદલે નવરંગી, રેશમી, વિલાયતી, ચરબીથી તૈયાર થયેલાં વસ્ત્રો પહેરીને જઈએ છીએ, તેથી આપણી દૃષ્ટિ પરમાત્માના સૌંદર્યપ્રતિ આકર્ષાવાને બદલે વસ્ત્રોની મોહકતા તરફ વધારે વળે છે. તદુપરાંત આપણે આપણા ધનના અભિમાનમાં આવી જઇએ છીએ—અરે! કેટલીકવાર આપણે પરમાત્મા કરતાંએ વધારે સુંદર છીએ તેવા દુષ્ટ વિચારમાં અટવાઇએ છીએ. ખરી શોભા સાદાઈમાં છે, ફક્કડપણામાં નથી.

આત્માની પવિત્રતાથી સૌંદર્ય મેળવાય છે એ આપણે જાણી ગયા. આત્માની પવિત્રતા એકલી જપમાળા જપવાથી, પ્રતિમાપર કેશર, ચંદન અને બરાસ વિગેરેનાં વિલેપન કરવાથી કે રજોહરણ, મુહપત્તિ અને પુંજણી વિગેરે ધારણ કરવાથીજ મળે છે એમ નથી. એ કાર્યો તો બધાં સાધનરૂપે છે, સાધ્યની તો આપણને ખબરજ નથી હોતી. પછી સાધનનું શું પ્રયોજન ? લક્ષ્ય સ્થાપ્યા વિના પંથ કરવો નિષ્ફળ છે. આત્માની ઉજ્વળતાનો આધાર મન ઉપર છે. મન વિના સર્વ ક્રિયાઓ સંપૂર્ણ ફળીભૂત થતી નથી. સાચી સમજણ વિના સ્વર્ગ દૂર છે. **मनः एव मनुष्याणां, कारणं बन्धमोक्षयोः** મનુષ્યોને મન એજ બંધ અને મોક્ષનું કારણ છે. માટે જે કાંઇ ક્રિયાઓ આપણે કરીએ તે વિચાર પૂર્વકજ થવી જોઇએ. સાચી સમજણપૂર્વક થયેલી ક્રિયાઓ આપણા આત્માને પવિત્ર કરે છે અને એ પવિત્રતા આપણા સૌંદર્યનો પ્રથમ પાયો છે.

આપણે સૂક્ષ્મપણે દયાપાળક હોવાનો દાવો કરીએ છીએ. આપણા હૃદયમાં જેવી દયા પાળવાની લાગણી હોય છે તેવી કોઇપણ અન્ય ધર્મના અનુયાયીઓમાં નથી હોતી. આપણા હૃદયપટપર "मा हन मा हन" જેવા પવિત્ર શબ્દોના પડઘા અથડાય છે. જગતના સર્વ જીવ જંતુઓને આપણે અભયદાન આપનારા છીએ. મન, વચન અને કાયાથી જેટલી દયા આપણાથી ન પળાય તેટલી આપણી પ્રમાદ અવસ્થા જાણવી.

"દયા છે સ્વર્ગની દેવી, દયા દેવ બનાવતી;
દયા નર્કથી ઉદ્ધારી, મુક્તિરાજ્ય અપાવતી"

'રસબાલ.'

ઉપર્યુક્ત કડી આપણે સતત્ સ્મરણમાં રાખી હિંસાની પ્રવૃત્તિઓમાં ન પડીએ, ન પાડીએ ને ન અનુમોદીએ. આપણાં જે કાર્યોથી અસંખ્ય નિર્દોષ ને નિરાધાર પ્રાણીઓની કતલ થયેજ જાય એવાં કાર્યોને કરતાં, કરાવતાં, કે અનુમોદન આપતાં આપણે શરમાઈએ અને પાછી પાની ધરીએ. એવા જીવોના વિનાશવડે મળતી સૌંદર્યતા જતી કરવી બહેતર છે. જો કોઇ પણ

ઉપાયે એ પ્રાણીઓનાં જીવનનું રક્ષણ થતું હોય તો આપણે આપણી નાશવંત સૌંદર્યતાને જતી કરવા શાને અચકાઇએ? વળી સૌંદર્યતા અર્પવાનું કામ કર્મરાજા વિના બીજા કોઇનું નથી, તેને આપનાર તેમજ છીનવી લેનાર પણ તેજ છે. ત્યારે હિંસાને પરિણામે મળતી ક્ષુલ્લક સૌંદર્યતાનો અસ્વીકાર આપણે કેમ ન કરીએ?

એક વખત આપણી સુદામા જેવી સ્થિતિ થઈ જાય, આપણાં સ્વરૂપને જોઇ બાળકો અને સ્ત્રીઓ આપણી ચેષ્ટા અને હાંસી કરવા ભલે કંકરનો વરસાદ વરસાવે, અને ભલે માતાઓ આપણું નામ "હાઉ" પાડી બાળકોના રૂદનનું સાન્ત્વન કરે, એ બધું સ્તુત્ય છે; પરંતુ હિંસાના કાર્યને ઉત્તેજન અને સહાનુભૂતિ આપવી એ સહસ્રવાર નિંદ્ય છે. વિલાયતી વસ્ત્રનો એક વાર કકડો તૈયાર કરવામાં કેટલા જીવોની ચરબી વપરાતી હશે? તેમાં કેટલા જીવોનો સંહાર થતો હશે? કેટલા જીવો અશરણ મૃત્યુ પામતા હશે? છેદન ભેદનની ક્રિયાઓથી તેમને કેટલું કષ્ટ અને કેટલી તીવ્ર વેદના થતી હશે? તેઓ બિચારા કેવા થરથર કંપતા હશે? પ્રભુ જાણે. અહો! મનુષ્યોનાં કેવાં ઘાતકી હૃદય! મીલમાલિકો પણ કેટલાક જૈન હોવા છતાં જેના લોચનમાંથી કરૂણા અને દયાનાં અશ્રુબિંદુઓ ટપકવાં જોઇએ તેવા પરમાત્માના કહેવાતા અનુયાયીઓ પોતાનીજ મીલમાં એવી ચરબી વાપરતા કેમ પાછું વાળી નહીં જોતા હોય? શું જૈનો વિલાયતી વસ્ત્રથી વિભુષિત થઇ દયાળુપણાનો દાવો કરી શકે ખરા? શું એવા અપવિત્ર વસ્ત્રો વાપરી, અગણિત જીવોની હાય વ્હોરી, અને એવાં નિર્દય કામને ગણતરીમાં ન ગણી આપણે સૌંદર્યતા મેળવી શકીશું? કદી નહીં. આ ફાની દુનીઆમાં થોડા વખતને વાસ્તે ફક્કડ થઈ ફરવામાં હજારો નાનાં મોટાં પ્રાણીઓનાં વિનાશરૂપ કાર્યને ઉત્તેજન આપી રહ્યા છીએ; આથી આપણા આત્માની મલીનતામાં કેટલો વધારો થતો હશે? વિલાયતી વસ્ત્રોનો શોખ અને મોહ આપણને અભિમાનસાગરમાં ઘસડી જાય છે. તુલસીદાસના વચન "પાપમૂળ અભિમાન" પ્રમાણે અભિમાનવડે કર્મના મોજાંઓ સાથે આપણે અફળાઈએ છીએ. શુદ્ધ વસ્ત્રધારકો સુખી અને સૌંદર્યશાળી તો બને છે, એટલુંજ નહિ પણ દેશની ને ધર્મની ગયેલી લાલી પુનઃ સંપાદન કરવાનું મોટું માન મેળવે છે, હજારો પ્રાણીઓના અપાતાં નિરર્થક બળિદાનના ઘોર પાપથી મુક્ત થાય છે. આપણો પ્રાચીન અને અવિચ્છિન્ન પ્રભાવશાળી શાશ્વત જૈનધર્મ શુદ્ધ દયાને માટે વિશ્વ વિખ્યાત છે. આપણા ધર્મનો અહિંસાવાદ બીજા કોઇ ધર્મમાં દૃષ્ટિગોચર થતો નથી, છતાં ખાદી પહેરવા અને તેથી સુંદર બનવામાં આપણે આગળ ધસતા નથી. નાનાલાલ

કવિરત્ન આપણુને એજ શીખ દીધા કરે છે કે મહાત્માજી જેલ ગયા તેથી હિંદુસ્તાનને અને આખા જગતને ખાદી અને અહિંસાનો પાઠ આપવાની ફરજો હવે જૈનો ઉપર આવી પડે છે. એવું કઠણુ કાર્ય દયાના ચુસ્ત પાલકો વિના બીજું કોણુ કરી શકે? હિંસક વૃત્તિવાળા લોકોમાં દયાનો સંચાર અને પ્રચાર કરવા માટે આપણે આપણા તન મન અને ધનથી પરોવાઇ જવું પડશે; પરંતુ તે કર્યા પહેલાં આપણે જાતેજ ખાદી પહેરી જગજ્જંતુઓને અભયદાન આપવું પડે અને પછી જનસમૂહમાં આપણી પ્રતિભા પાડી તેવાં સત્કાર્યો કરવાં પડે. સાધુ સાધ્વીઓ પણુ ખાદીનો ઉપયોગ કરી ગ્રામાનુગ્રામ વિચરી દયાધર્મનો ધ્વજ ફરકાવી શકે. તેથીજ આપણે આપણો કરેલો દાવો સિદ્ધ કરી શકીએ. ખાદીમાંજ સૌંદર્ય ને શોભા માનીએ. સદા યાદ રાખીએ કે:—

Handsome is that handsome does, not thht handsome looks
તેજ સુંદર છે કે જે સુંદર કાર્યો કરે છે, નહીં કે જે સુંદર દેખાય છે.

સુજ્ઞ ધર્મ બંધુઓ! પવિત્ર મુનિમહારાજાઓ અને તપસ્વીઓ! જેમના મુખારવિન્દપર અલૌકિક સૌંદર્યતાનો ભાસ થયા કરે છે અને જેઓ પ્રત્યેક શ્વાસોશ્વાસે કર્મનો ક્ષય કરી આત્મવિશુદ્ધતા મેળવતા જાય છે તેઓના પૂજ્ય ભાવવડે થતાં દર્શન આપણુને સૌંદર્યનો ઉપહાર સમર્પે છે. આપણાં કર્મ પ્રમાણે મળેલા સૌંદર્યથી સંતુષ્ટ બની કેવળ આત્મસ્વરૂપ અવલોકવાથી અને તેને વિશુદ્ધ બનાવવા આપણી શક્તિઓને એકાગ્ર કરી વાપરવાથી તેમાં સમાચેલી બાહ્યાભ્યંતર સૌંદર્યતા મેળવી શકીએ છીએ.

વળી વિલાયતી વસ્ત્રોની વપરાશથી સૌંદર્ય મળે છે તેવો ભ્રમ છોડી દેવો જોઇએ. બહારથી નાની, નજીવી અને ક્ષુલ્લક જણાતી વસ્તુઓ પ્રતિ તિરસ્કાર કરવાથી તેમાંથી મળી આવતા અમૂલ્ય તત્ત્વો આપણે ગુમાવીએ છીએ. કુતરાના શબ જેવી દુર્ગંધમય વસ્તુ આપણુને સૂગ ઉપજાવે, પણુ તેની શ્વેત ચંદ્રિકા સરખી મોતીની માળા સમી દંતપંક્તિઓની સૌંદર્યતા આપણુને શા શા આનંદ નથી ઉપજાવતી? શું શ્રેણિક મહારાજાએ પણુ સૌંદર્યવિહીન ચંડાળને સિંહાસનારૂઢ કરી અનુપમ વિદ્યા વિનયપૂર્વક વર્તી પ્રાપ્ત કરી નહતી? આપણે સ્વરૂપવાન્ વા કદરૂપી વસ્તુઓ પ્રતિ સમભાવથી વર્તવું. બાહ્યોપચારથી સૌંદર્ય મેળવવું તે હાનિકારક છે. એવા બાહ્યોપચારમાં ખરી અને શાશ્વત સૌંદર્યતા નથી સમાચેલી, પણુ જીવનની પવિત્રતા સાથેજ તેનું સંગઠન હોય છે.

સૌંદર્ય પ્રાપ્ત કરીને આપણે શું કરવાના? સૌંદર્યવાન્ મનુષ્યો હમેશાં સત્કર્મજ કરતાં રહે છે. સૌંદર્ય પ્રાપ્ત કરી આપણે બીજાઓના જીવનનો ઉદ્ધાર કરીએ, ઉન્માર્ગથી તેમને બચાવીએ, અને તેમને પણુ આપણે સૌંદર્યશાળી

કરીએ. જેમ જેમ આપણને સૌંદર્ય ઉપલબ્ધ થાય, તેમ તેમ આપણા આત્માને ઓળખતા જવું, વિષયલોલુપતાની સામે થવું, અડગપણે બ્રહ્મચર્ય પાલન કરવું, યથાશક્તિ તપશ્ચર્યા કરવી, આશાતનાથી બ્હીતા રહેવું, ઇંદ્રિયોનું દમન કરવું, હૃદયને વિશાળ બનાવી તેમાં ક્ષમા, દયા અને શાંતિનો સમાવેશ કરવો, અધોગતિમાં લઇ જાય તેવી નીચ અને દુષ્ટ વાસનાઓનો ત્યાગ કરવો, સર્વ જીવોનું કલ્યાણ ઇચ્છવું અને આદર્શમય સાધુજીવન ગાળતાં શીખી સ્વર્ગીય શાશ્વત સૌંદર્ય સંપાદન કરવું એટલે यावच्चन्द्रदिवाकरौ સુખ સંપત્તિ અને સૌંદર્યથી ઝળકવું. इत्यलम्.

સુંદરલાલ ડાહ્યાભાઈ શાહ.

# સુબોધ વ્યાખ્યાન.

એકદા શ્રી વીર પરમાત્માને શ્રી ગૌતમ ગણધરે વિનયયુક્ત ઉભય હસ્ત જોડી વિનંતિ કરી કે—"હે પ્રભુ ! આપ સર્વ જીવોને પાળનારા છો; આપ આ સંસારમાં મનુષ્યને નાવ સમાન છો, સર્વ પદાર્થોને જાણનારા છો તો કૃપા કરી કહેશો કે આ પૃથ્વી ઉપર સૌથી ઉત્તમ તીર્થ કયું છે ? તે જાણવાની મને ઉત્કંઠા થઈ છે."

શ્રીગૌતમ ગણધરનાં આવાં વચન સાંભળી શ્રીવીરપ્રભુ બોલ્યા—"હે વત્સ ! આ પૃથ્વીપર સિદ્ધક્ષેત્ર જેવું એકે તીર્થ નથી. હું પણ તેનું માહાત્મ્ય સંપૂર્ણ કહી શકું તેમ નથી, તો પણ તારી ઇચ્છાનુસાર સંક્ષેપમાં કહું છું:—

તે તીર્થ સર્વ જીવોને સર્વદા પુણ્યકારી, સર્વ પાપનો નાશ કરનારૂં અને મન કામના પરિપૂર્ણ કરનારૂં છે. તેનાથી ઉત્તમ બીજું કોઇ તીર્થ નથી, વળી તે અદ્‌ભૂત પ્રભાવવાળું છે. એના જેવું બીજું ત્રણ લોકમાં એકે તીર્થ નથી. ઇંદ્રાદિક દેવો નિરંતર તેનું સેવન કરે છે. જેમ અગ્નિ કાષ્ટને બાળીને ભસ્મ કરે છે તેમ એ તીર્થ મનુષ્યના સર્વ પાપનો નાશ કરવાવાળું છે. દેવતાઓને પણ દુર્લભ છે. જેને પ્રાપ્ત કરવાને દેવતાઓ પણ સ્વર્ગનું રાજ્ય છોડી તેની ચાહના રાખે છે. પૃથ્વીમાં વેલ અને પુલ કેટલાં છે તેની સંખ્યા જ્ઞાની જાણે છે, ચોરાશી લક્ષ યોનિમાં અવતરેલા જીવોની સંખ્યા જ્ઞાની જાણે છે, આકાશમાં રહેલા નક્ષત્રો અને તારાની સંખ્યા જ્ઞાની જાણે છે, પણ એ તીર્થની યાત્રા કરવાથી જે પુણ્ય થાય છે તેનું માપ કોઇ પણ જાણી શકતું નથી. મતલબ કે તે તીર્થની યાત્રાનું ફળ અમાપ છે. સ્વર્ગ ઉપર ચઢવાની સીડીરૂપ સિદ્ધક્ષેત્રમાં

જે મનુષ્યો જાય છે તેઓના સંસારમાં કરેલા સર્વ પાપનો જડમૂળથી નાશ થાય છે અને નરકમાં જનારો જીવ પણ આ તીર્થની યાત્રાથી સદ્દગતિને પામે છે."

આવાં વચન વીરપ્રભુનાં સાંભળી શ્રીગૌતમ ગણધર બોલ્યા–"હે પ્રભુ ! કેવાં કર્મ કરનારો જીવ નરકનો અધિકારી થાય છે ?"

શ્રી વીરપ્રભુએ કહ્યું કે–"હે વત્સ ! જે મનુષ્ય પોતાની સ્ત્રીનો ત્યાગ કરી બીજી સ્ત્રીઓમાં મોહિત થઇ કુકર્મ કરે છે તે નરકનો અધિકારી થાય છે. નાસ્તિક, મર્યાદા રહિત, કૃપણ, વિષયાત્મક, દાંભિક અને કૃતઘ્નીઓનો પણ નરકમાં વાસ થાય છે. દેવદ્રવ્ય હરણ કરનાર નરકનો અધિકારી થાય છે. ચાડીઆ, અહંકારી, અસત્યવાદી, પારકા ધનને હરણ કરનારા, બીજાના ધનની ઈચ્છા કરનારા અને બીજાને ધનવાન જોઇ બળી મરનારા નરકગામી થાય છે. જેઓ વીતરાગ દેવનું ચિંતવન કરતા નથી, ઉલટા નિંદા કરે છે તે નરકગામી થાય છે. વિશ્વાસઘાત કરનાર, સર્વ પ્રાણીપર દયા વગરના, સર્વને છેતરનારા એવા પ્રાણીનો પણ નરકમાં વાસ થાય છે. જે કામાંધ પુરૂષ તિથિઓ,(૨–૫–૮–૧૧–૧૪–૧૫–૦)) ) પર્યુષણ તથા આંબીલની બે ઓળીને દિવસે અથવા રજસ્વળા સ્ત્રી સાથે મૈથુન કરે છે તે નરકગામી થાય છે. જે સ્ત્રી પોતાના પતિનો ત્યાગ કરી અન્ય પુરૂષમાં પ્રીતિ રાખે છે તે સ્ત્રી અસંખ્ય કાળ સુધી નરકમાં રહેવાની અધિકારી બને છે. વિશ્વાસઘાતી, કૃતઘ્ની, કન્યાવિક્રય કરનાર અને પાપ કરવામાં નિર્ભય પુરૂષનું નરક રક્ષણ કરે છે. મતલબ કે નરકમાંથી જલદી તેનો છુટકો થતો નથી."

ઉપર પ્રમાણેનાં મધુર વચન વીર પ્રભુના મુખથી સાંભળી શ્રી ગાતમ સ્વામીને ઘણો–આનંદ થયો અને વિનય યુકત બોલ્યા કે–"હે પ્રભુ ! કેવા પ્રાણીની સદ્દગતિ થાય છે ? તે કૃપા કરીને કહો."

વીરપ્રભુ બોલ્યા–"હે ગૌતમ ! જેઓ સત્ય, તપ, શાંતિ, દાન અને અધ્યયન સહિત પોતાના ધર્મને અનુસરીને ચાલે છે તેઓની સદ્દગતિ થાય છે. જેઓ દેવપૂજા ભાવથી કરે છે તેઓની પણ સદ્દગતિ થાય છે. કોઇની હિંસા કે અનિષ્ટ નહિ કરનાર, સર્વને સહાયતા દેનાર અને સર્વને આશ્રયભૂત થનારની પણ સદ્દગતિ થાય છે. પોતે ધનવાન્, રૂપવાન્, યુવાન છતાં જીતેંદ્રિય રહી પરસ્ત્રીગમન નહિ કરનારની સ્વર્ગમાં ગતિ થાય છે. અપંગને અને પાત્રને દાન દેનારની સદ્દગતિ થાય છે. જે હમેશાં નવકાર મહામંત્ર ભણે છે તેની સદ્દગતિ થાય છે. જે મનુષ્ય દાન આપી ફળની ઇચ્છા રાખતો નથી તેની સદ્દગતિ થાય છે. જે મનુષ્ય શત્રુઓના દોષો જોતો નથી પણ તેમના ગુણોની સ્તુતિ કરે છે તેઓની સદ્દગતિ થાય છે. જે માંણસ બીજાને ધનવાન્ જોઈ કલેશ કરતો

નથી પણ મત્સરરહિત થઇ આનંદમાં રહે છે તેની સદ્‌ગતિ થાય છે. પોતાના ધર્મ પ્રમાણે મહાત્માને પગલે ચાલનારની સદ્‌ગતિ થાય છે. દેવાલય, ઉપાશ્રય તથા આરામગૃહ બંધાવનારની સદ્‌ગતિ થાય છે. સામો માણસ અસત્ય માર્ગે ચાલે તોપણ પોતે સત્ય માર્ગે ચાલે, પોતાનું બુરૂં કરનારનું પણ હિત ચાહે તેમની પણ સદ્‌ગતિ થાય છે. જે માણસ ધર્મ અને વ્રત કરવામાં કોઇ દિવસ ચૂકતો નથી તેની પણ સદ્‌ગતિ થાય છે. જેઓ માતા પિતાની ભક્તિ કરનારા છે તેઓની પણ સદ્‌ગતિ થાય છે. ધર્મનું રક્ષણ કરનારની તથા નિરાધાર લોકોને આધાર આપનારની સદ્‌ગતિ થાય છે. માકડ, ચાંચડ, જૂ અને ડંસ કરનાર જંતુઓનું જે પુત્રની પેઠે રક્ષણ કરે છે તેની પણ સદ્‌ગતિ થાય છે. તીર્થયાત્રા કરનાર, સાધુઓની સેવા કરનાર, સર્વ દુઃખ સહન કરનાર, ધૈર્યવાન્ અને પોતાના ધર્મ માટે તથા દેશના ભલા માટે પ્રાણ આપનારની પણ સદ્‌ગતિ થાય છે. મન, વચન અને કાયાથી કોઇને દુઃખ ન દેનાર અને સર્વની ઉપર સમભાવ રાખનારની સદ્‌ગતિ થાય છે. હે ગૌતમ ! સુપાત્રને જોઈ અન્નદાન દેનારની પણ સદ્‌ગતિ થાય છે."

આવાં બોધદાયક વચનામૃત સાંભળી શ્રીગૌતમસ્વામી બોલ્યા—"હે પ્રભુ ! અન્નદાન દેવાથી શું પુન્ય થાય છે? તે સમજાવવા કૃપા કરો."

શ્રીવીર પ્રભુ બોલ્યા—"હે વત્સ ગૌતમ ! આ પૃથ્વીમાં ચાર પ્રકારના દાન છે. અન્નદાન, વસ્ત્રદાન, ભૂમિદાન અને અભયદાન. તેમાં સર્વથી અન્નદાન કરવામાં વધારે પુણ્ય થાય છે. કારણ કે પૂર્વે જેઓએ તે દાન આપેલ છે તે આ ભવમાં સર્વ વાતે સુખી જણાય છે. આ જગતમાં ધન મેળવીને વાપરવું તે બહુ દુષ્કર છે. ન્યાયથી પેદા કરેલું ધન વાપરી શકાય છે; પણ અન્યાયથી પેદા કરેલું ધન વાપરી શકાતું નથી. શ્રદ્ધા સહિત અન્નદાન કરવાથી અપાર ફળની પ્રાપ્તિ થાય છે, અન્નદાનથી વધારે મોટું દાન કોઈ નથી. પોતાનું કલ્યાણ કરનારે પોતાને ઘરે આવેલા રોગી, વટેમાર્ગુ, વૃદ્ધ અને મુનિની પૂજા કરવી અને અન્નદાન આપવું. સુપાત્રમાં અન્નદાન આપનાર મહા પુન્ય મેળવે છે. અન્ન મનુષ્યના પ્રાણ છે અને સઘળાનો આધાર અન્ન ઉપર છે. ધર્મ કર્મ અન્નથી સધાય છે, રોગનો નાશ અન્નથી થાય છે, પણ તે અનહદ ખાવાથી રોગનો ઉપદ્રવ થાય છે. અન્ન પુરૂષને સુશોભિત કરે છે. અન્નના નાશથી શરીર અને પંચ ધાતુઓનો નાશ થાય છે. અન્નનું દાન કરનારને ત્રિલોકમાં સુખની પ્રાપ્તિ થાય છે. માટે હે ગૌતમ ! જે મનુષ્ય પોતાને ઘેર અન્નનું દાન કરે છે તેને ઉપર પ્રમાણે ફાયદો થાય છે, તેમાં પણ સિદ્ધક્ષેત્ર જેવા પવિત્ર ધામમાં જે અન્નનું દાન કરે છે તેના ફળની તો સીમાજ રહેતી નથી. આ સિદ્ધક્ષેત્ર ઉપર

અનંતા મુનિવરો મોક્ષપદને પામ્યા છે. નવખંડ પૃથ્વીમાં આના જેવું એકે પવિત્ર તીર્થ નથી. જગતમાં રહેલા સર્વ તીર્થ ફળદાયી છે પણ આ તીર્થનું ફળ સર્વથી અધિક છે, માટે જે મનુષ્ય સિદ્ધક્ષેત્રમાં જઈ યાત્રા કરી વિધિયુક્ત અન્નનું દાન કરે છે તે માણસ દેવલોકના સુખને પામે છે.

અમીચંદ કરસનજી શેઠ.

# चिदानंदजी कृत प्रस्ताविक दुहा.

( અર્થ રહસ્ય સાથે. )

અવસર મરણ નિકટ તણો, જબ જાણે બુધ લોય;
તવ વિવેક સાધન કરે, સાવધાન અતિ હોય. ૧

" મૃત્યુનો અવસર નજીક જણાય ત્યારે સુજ્ઞ-સમજુ મનુષ્યો અત્યંત સાવધાન થઈને વિવેકપૂર્વક પરભવનું સાધન કરે છે. તેને માટે ઘટતી (યોગ્ય) તૈયારી કરે છે-તે સાવધાન થઈ જાય છે. ગફલતમાં રહેતા નથી." તે સુજ્ઞ મનુષ્ય તે વખત શું વિચારે છે ? તે કહે છે—

ધર્મ અર્થ અરૂ કામ શિવ, સાધન જગમેં ચાર;
વ્યવહારે વ્યવહાર લખ, નિશ્ચે નિજગુન ધાર. ૨

આ સંસારમાં ધર્મ કરવો, દ્રવ્ય મેળવવું, ઇંદ્રિયો સંબંધી સુખ પ્રાપ્ત કરવું અને પ્રાંતે મોક્ષ પ્રાપ્તિ કરવી-આ ચાર પુરૂષાર્થ કહેવાય છે. તેમાં વ્યવહારપરાયણ મનુષ્ય વ્યવહારાદિક તરફ લક્ષ રાખી તદનુસાર પ્રવર્તે છે અને નિશ્ચયપર લક્ષવાળા મનુષ્ય તે પુરૂષાર્થોવડે આત્માના ગુણ ( નિજ ગુણ ) ને પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કરે છે. માટે મારે અત્યારે મારા આત્મગુણ પ્રગટ થાય-તેનું આવરણ દૂર થાય તેવો પ્રયત્ન કરવાની જરૂર છે.

મૂર્ખ કુળ આચારથી, જાણે ધર્મ સદીવ;
વસ્તુસ્વભાવ ધર્મ સુધી, કહત અનુભવી જીવ. ૩

" મૂર્ખ મનુષ્યો કુળાચારનેજ સદૈવ ધર્મ માને છે અને જે કુળમાં જન્મેલ હોય તેના આચાર પ્રમાણે પ્રવૃત્તિ કરતો ધર્મ કરૂં છું એમ માને છે; પણ સુધી એટલે બુદ્ધિમાન્ જીવો તો વસ્તુસ્વભાવનેજ ધર્મ માને છે. અનુભવી જીવો તો તે સ્વભાવને પ્રગટ કરવો તેનેજ ધર્મ કહે છે અને તેને પ્રગટ કરવા ઉદ્યમ કરે છે. આ આત્માનો સ્વભાવ જ્ઞાન દર્શન ચારિત્રરૂપ છે તેને પ્રગટ કરવા માટેજ પ્રયત્ન કરે છે." વળી—

**એહ ખજાનાકું અરથ, કહત અજ્ઞાની જેહ;**
**કહત દ્રવ્ય દરસાવકું, અર્થ સુજ્ઞાની તેહ. ૪**

" આ જગતની ખેહ એટલે રજ–ધુળરૂપ સોના રૂપા વિગેરેને અજ્ઞાની મનુષ્યો **અર્થ** કહે છે; પરંતુ સુજ્ઞાની તેને **અર્થ** કહેતા નથી. તે તો દ્રવ્યના દર્શાવને એટલે પદાર્થોના સ્વરૂપને દ્રવ્ય કહે છે અને તેને પ્રગટ કરવા-દર્શાવવા પ્રયત્ન કરે છે." વળી—

**દંપતિ રતિક્રિડા પ્રત્યે, કહત દુરમતિ કામ;**
**કામ ચિત્તઅભિલાખકું, કહત સુમતિ ગુણધામ. ૫**

"દંપતી જે સ્ત્રી ભર્ત્તાર તેની રતિક્રિડા–કામ સેવનાદિક તેને દુર્મતિ પુરૂષો–મનુષ્યો **કામ** કહે છે; પરંતુ સુમતિ અને ગુણવાન્ મનુષ્યો તેને કામ કહેતા નથી; તેઓ તો ચિત્તના અભિલાષનેજ કામ કહે છે અને ચિત્તમાં સારા–શુભ અભિલાષ કરે છે. કર્મબંધ થાય તેવા–દુર્ગતિએ લઇ જાય તેવા અભિલાષ કરતા નથી." વળી—

**ઇહ લોકકું કહત શિવ, જે આગમદગહીણ;**
**બંધ અભાવ અચળ ગતિ, ભાખત નિત્ય પ્રવિણ. ૬**

" આ લોકને-આ લોકના સુખને આગમદૃષ્ટિ વિનાના–અજ્ઞાની જીવો શિવ–**મોક્ષ** કહે છે; પરંતુ નિત્ય પ્રવીણ એવા સુજ્ઞ જનો તો જ્યાં કર્મબંધનો સર્વથા અભાવ છે અને જ્યાં અચળગતિ અચળસ્થાન છે-જયાંથી પાછું સંસારમાં આવવાનું નથી એવા સ્થાનનેજ શિવ–મોક્ષ કહે છે." જ્ઞાનીને અજ્ઞાનીની સમજમાં આટલો બધો–પારાવાર તફાવત છે. તેથી કર્ત્તા કહે છે કે–

**એમ અધ્યાતમ પદ લખી, કરત સાધના જેહ;**
**ચિદાનંદ જિનધર્મનો, અનુભવ પાવે તેહ. ૭**

આ પ્રમાણે અધ્યાત્મ પદને બરાબર ઓળખીને જે તેની યથાયોગ્ય સાધના કરે છે તે ચિદાનંદ-જ્ઞાનાનંદરૂપ પ્રાણી જિનધર્મનો ખરો અનુભવ-ખરૂં ફળ પામે છે. બીજા પ્રાણીઓ ખરા અધ્યાત્મને ઓળખ્યા સિવાય જૈન ધર્મના અનુભવને મેળવી શકતા નથી." માટે

**સમય માત્ર પ્રમાદ તજ, ધર્મ સાધનામાંય;**
**અથિર રૂપ સંસાર લખ, રે નર કહીએ જયાંહ. ૮**

હે ભવ્ય પ્રાણી ! ધર્મનું સાધન–આરાધન કરવામાં એક સમયમાત્ર પણ પ્રમાદ ન કર-પ્રમાદ તજી દે; અને આ **સંસારને અસ્થિર** સ્વરૂપવાળો **સમજ.** હે નર ! અમે જ્યાં સુધી કહીએ છીએ ત્યાં સુધીમાં સમજી જા, નહીં તો **પસ્તાઇશ.**

અપૂર્ણ.

# સ્ફુટ નોંધ અને ચર્ચા.

શ્રાવણ શુદિ ૧૦ની તિથિ શ્રેષ્ટ હતી. શુભ કાર્ય કરવા યોગ્ય હતી. એ દિવસે ત્રણ જગ્યાએ શુભ કાર્યો થયાના ખબર મળ્યા છે.

શ્રી રાણુપુરમાં હાલ છે તે દેરાસર સંકોચવાળું હોવાથી તેને તદન લગતું બીજું દેરાસર કરવા માટે શુદિ ૧૦ મે ખાંતમુહૂર્ત્ત કરવામાં આવ્યું છે. શેઠ નાગરદાસ પુરૂષોત્તમદાસે એમાં અગ્રણી તરીકે ભાગ લીધો છે. તેઓની ધારણા એ દેરાસર ટુંક વખતમાં તૈયાર કરવાની છે અને તેઓ પોતાના દ્રવ્યનો એ નિમિત્તે સદુપયોગ કરવાના છે.

શ્રી મુંબઇમાં શ્રીમહાવીરસ્વામીના દેરાસરમાં બહુ ધામધુમ સાથે પ્રતિષ્ટા કરવામાં આવી છે. મૂળનાયકજી બેસાડવાના રૂા. ૨૫૦૦૦) થયા છે. તેના પ્રમાણમાં બીજી ઉપજ પણ બહુ સારી થઇ છે. રથયાત્રાનો વરઘોડો પણ બહુ સરસ ચડ્યો હતો. શાસનોદ્યોત સારો થયો છે. પરમાત્મા પ્રત્યેની ભક્તિભાવનું સ્વરૂપ આ રીતે પ્રત્યક્ષ થાય છે અને દ્રવ્યનો સદુપયોગ થાય છે.

શ્રી ધ્રાંગધરામાં પણ એજ દિવસે પાર્શ્વનાથજી વિગરે બિંબોની પ્રતિષ્ટા કરવામાં આવી છે. શેઠ માણેકચંદ વેલશીના કુટુંબી-ભાઈ શ્રી હરીલાલ વિગેરેએ તેમાં સારો ભાગ લીધો છે. દ્રવ્યનો વ્યય પણ ઠીક કર્યો છે. દેરાસરમાં ઉપજ સારી થઈ છે. નવકારશીઓ ત્રણ જમી છે. અહીં સ્થાનકવાસીઓ સાથે ઐકયતા હોવાથી સૌ સાથે જમ્યા છે. ત્યારે કેટલાક શહેરો ને ગામોમાં તપગચ્છી બંધુઓ પણ ભેળા જમતા નથી. તેઓને આ હકીકત પરથી ધડો લેવાનો છે. કલેશપ્રિય બંધુઓએ હવે જરા પોતાનો દુરાગ્રહી સ્વભાવ ત્યજી દઇને શાંતિ-પ્રિય થવાની જરૂર છે, ઝાલાવાડ આગ્રહીપણા માટે પ્રખ્યાત છે, પણ તેમણે સત્યાગ્રહ કરવામાં તેનો ઉપયોગ કરવો યોગ્ય છે; દુરાગ્રહ કરીને કર્મબંધ કરવો ને બીજાને કર્મબંધ કરાવવો તે કોઇ રીતે ઘટિત નથી.

* * * *

**શ્રી પેથાપુરથી મેતા ફુલચંદ દલસુખરામ લખે છે કે**—"પેથાપુર (મહીકાંઠા)ના ના. ઠાકોર સાહેબ શ્રી ફતેહસિંહજીએ પોતાના હુકમ (ફો. જા. નંબર ૧૭ તા. ૨૪-૬-૨૨) થી એવું જાહેરનામું બહાર પાડયું છે કે "પોતાના તાલુકાની હદમાં કોઇએ જીવહિંસા યા શિકાર કરવો નહિ અને કરશે તેને ઈન્ડીયન પીનલ કોડની ૧૮૮ મી કલમ મુજબ કાયદેસર કામ ચલાવી શિક્ષા કરવામાં આવશે." પેથાપુરની પ્રજા તે સાહેબના આ પ્રસંશનીય પગલાં માટે તેઓશ્રીનો ખરા અંતઃકરણપૂર્વક આભાર માને છે. અમો આશા રાખીએ છીએ કે બીજા તાલુકદારો પણ આ દાખલો લઇ પોતાની પ્રજાને આભારી કરશે.

* * * *

## ખમતખામણાના પત્રો સંબંધી સૂચના.

પર્યુષણ પર્વ વ્યતીત થયા પછી ખમતખામણાના પત્રો-કંકોત્રીઓ ને કાર્ડો લખવાનો પ્રચાર દિનપરદિન બહુજ વધી ગયો છે. આવા પત્રો લખવાનો મૂળ હેતુ તો આખા વરસમાં પરસ્પર દ્વેષનું-અભાવનું-કલેશનું કારણ જેની સાથે જાણતાં અજાણતાં બની ગયું હોય તો તેને ખમાવવાનો હતો, પરંતુ હવે તો તે હેતુ બદલાઇ જઇને સ્નેહભાવ ને ઓળખાણ પીછાન તાજી કરવા માટે એવા પત્રો સંખ્યાબંધ લખાય છે. જેના પ્રત્યે અભાવ કે કલેશ થયેલ હોય તેને તો લખતા હશે કે નહીં ? તેની પણ શંકા છે.

આવા પત્રોના સંબંધમાં હાલમાં સરકારે પોસ્ટેજ ડબલ કરેલ હોવાથી એક બંધુ સૂચના કરે છે કે-"એવા પત્રો લખીને આપણે એકંદર લાખો રૂપીઆ સરકારના ઘરમાં શા માટે આપવા જોઇએ, માટે જેમ બને તેમ એવા પત્રો લખવાનો પ્રચાર ઘટાડવો ને જરૂરના હોય તેટલાજ પત્રો લખવા." આ રીવાજ ઘટાડવા તેમજ અટકાવવા બીજા પણ કેટલાક સામાન્ય હેતુઓ તે બંધુ જણાવે છે, તેથી ઘણે અંશે આ હકીકત ધ્યાનમાં લેવા લાયક તો લાગે છે,માટે જૈન બંધુઓએ આ હકીકતપર લક્ષ આપી તેનો યથાયોગ્ય અમલ અવશ્ય કરવો.

* * * *

**ઉપધાનવ્રત ને વઢવાણ શહેર**—આવા હેડીંગ નીચે જૈન પત્રકારે તા. ૧૩ મી ના પત્રમાં જે હકીકત લખી છે તે સંબંધમાં અમારૂં ત્યાં જવું થવાથી અમે પુરૂષ તથા સ્ત્રીઓને સાથે ક્રિયા કરાવાતી જોઇ છે. તેથી જણાવવાનું કે ત્યાં જે રીતે ક્રિયા કરાવાય છે તે રીતિ સંઘની ચાલી આવતી મર્યાદાવાળી છે. અને અમે જૈન ધર્મ પ્રકાશમાં પ્રથમ લખેલું છે, જેનો ઉતારો એ પત્રકારે કરેલો છે, તેમાં જણાવેલ હેતુ જાળવીનેજ કરાવવામાં આવે છે.

આવા વ્રતાદિકમાં સ્ત્રીવર્ગ એકલો હોય તો તેની સામે દ્દષ્ટિ કરીને ક્રિયા કરાવવી પડે, તેથી આગ્રહ કરીને પણ પુરૂષવર્ગને ભેળવવો પડે છે. અને પછી તેની સામે દ્દષ્ટિ કરીને-સમજાવીને ક્રિયા કરાવાય છે. બંને વર્ગને આમાં સંઘટ્ટ થતો નથી અને કરી શકાય પણ નહી. વળી બંને વર્ગને જુદી જુદી ક્રિયા કરાવવાથી ઉલટો હેતુ ન જળવાય. કારણકે એકલા સ્ત્રીવર્ગને ક્રિયા કરાવતાં તેની સામે જોવું પડે, માટે જે રીતે ક્રિયા કરાવાય છે તેમાં ફેરફાર કરવા જેવું નથી, ટીકા કરવા જેવું નથી, ચર્ચા કરવા જેવું નથી. વળી ક્રિયા કરાવનાર મુનિરાજ પણ પૂરા સુજ્ઞ છે, તેથી એ સંબંધનો વિવેક સમજી શકે તેમ છે. આ સંબંધમાં લેખકે, પત્રકારે તેમજ વઢવાણના શ્રી સંઘે શાંતિને પ્રાધાન્યપદ આપવા વિનંતિ છે. જૈન પત્રકારે ઉપધાન વ્રત લખેલ છે, પણ એ વ્રત હ લ ત્યાં ચાલતું નથી, બીજી તપસ્યાઓ ચાલે છે.

## પુસ્તકોની પહોંચ.

### વીર શિરોમણિ વસ્તુપાળ અથવા પાટણની ચડતી પડતી.

આ નામની બુક જૈન પત્રની ભેટ તરીકે આપવામાં આવી છે. બુકનો વિષય ઐતિહાસિક છે, પરંતુ લેખકે નવલ સ્વરૂપે લખતાં ઇતિહાસને પણ ઇનસાફ આપ્યો છે. લેખનપદ્ધતિ આકર્ષક છે. વિષય ઉપયોગી છે. ઘણી હકીકત જાણવા લાયક અને સાર ગ્રહણ કરવા લાયક સમાવી છે. આવી બુકો ભેટ મળવાથી ગ્રાહકોને તે ઉપયોગી થઇ પડે છે. અમે તે બુક લક્ષપૂર્વક સાદ્યંત વાંચવા ભલામણ કરીએ છીએ. કાગળો ને શાહી સારી વાપરવાથી બુકની ઉપયોગીતામાં વૃદ્ધિ થાય છે. તેને માટે પ્રકાશકને સૂચના કરી વીરમીએ છીએ. સાધારણ લવાજમમાં આવી બુકની ભેટ ગ્રાહકોને વિશેષ સંતોષ આપનાર છે.

———:*o*o*:———

### નવા લાઇફ મેમ્બર.

| | | | |
|---|---|---|---|
| ૧ | શા. | ભગવાનદાસ જેઠાભાઈ | મુંબઇ |
| ૨ | ઝવેરી | કેશરીચંદ દેવચંદ | મુંબઈ |
| ૩ | શા. | હરીચંદ મીઠાભાઇ | ભાવનગર |
| ૪ | શા. | હંસરાજ લખમીચંદ | અમરેલી |
| ૫ | શા. | લાડકચંદ પાનાચંદ | બોટાદ |
| ૬ | શા. | કેશવલાલ ધારશીભાઈ | કલકત્તા |
| ૭ | શા. | તલકચંદ ગોબરભાઇ | શીહોર હાલ મુંબઈ |

### નવા પહેલા વર્ગના મેમ્બરો.

| | | | |
|---|---|---|---|
| ૧ | શા. | વિઠ્ઠલદાસ મુળચંદ | ભાવનગર. |
| ૨ | શા. | છગનલાલ માણેકચંદ | ,, |
| ૩ | શેઠ | શામજી હંસરાજ | ,, |
| ૪ | શા. | દુલભજી નથુભાઈ | ,, |
| ૫ | શા. | ફતેચંદ અમીચંદ | ,, |
| ૬ | શા. | ફુલચંદ ગોપાળજી | ,, |
| ૭ | શા. | ઓઘડભાઇ કાલીદાસ. | ધ્રાંગધરા હાલ ભાવનગર. |

———:*:o:*:———

તું લે શિર ભાર ઉપાડી, ન એવી પ્રાર્થના મારી;
ઉઠાવી હું શકું રહેજે, પ્રભો ! એ પ્રાર્થના મારી.
સુખી દિને સ્મરૂં ભાવે, દુઃખી અંધાર રાત્રિએ;
ન શંકા તું વિષે આવે, પ્રભો ! એ પ્રાર્થના મારી.

## જૈન વિદ્યાર્થીઓને એક તક.

૧ જૈન શાસનની અને રાષ્ટ્રની સેવા ભાવના હોય, ઓછામાં ઓછી ૧૩ વર્ષની ઉમર હોય, માતૃભાષાનું જ્ઞાન સારૂં હોય અથવા વધારેમાં વધારે અંગ્રેજી ચાર ધોરણ સુધીનો અભ્યાસ કર્યો હોય, અવિવાહિત હોવા ઉપરાંત સંસ્થામાં રહેવાની ચાર વર્ષની મુદત દરમિયાન લગ્ન ન કરવાના હોય, સાદાઈ અને સ્વાશ્રય ગુણ ખીલવવાની તક શોધતા હોય તેવા જૈન વિદ્યાર્થીઓએ નીચેના શીરનામે વાલીઓની સમ્મતિથી પત્રવ્યવહાર કરવો. લાયક જણાવાથી સગવડ પ્રમાણે દાખલ કરવામાં આવશે.

૨ અ જીવન સાદું અને સંગીન બનાવવામાં આવશે, બ વ્યવહારિક, (અંગ્રેજી, સંસ્કૃત, હિન્દી વગેરે ભાષાજ્ઞાન) ગણિત, દેશીનામું વગેરે અભ્યાસ ધાર્મિક ( ધાર્મિક જીવન અને જૈન શાસ્ત્રીય તત્ત્વજ્ઞાન ), ઉદ્યોગ ( સ્વાશ્રયપણે કમાણી કરી શકાય તેવાં ) અને બીજા જરૂરી ઉપયોગી વિષયોનું પાકું જ્ઞાન થાય તેવા સ્વતંત્ર સાધનો પૂરા પાડવામાં આવશે. જમવા રહેવાના સાધનો પણ પૂરા પાડવામાં આવશે.

૩ ગુજરાતી ભાષા ઉપરાંત સંસ્કૃતના સારા જ્ઞાનવાળા અથવા ઇંગ્રેજી ૭ ધોરણનો અભ્યાસ પૂરો કર્યો હોય તેવા બે લાયક વિદ્યાર્થીને અત્રેની આયુર્વેદ પાઠશાળામાં સંસ્થાના ખર્ચે દેશી વૈદકિય જ્ઞાન મેળવવા રાખવામાં આવશે.

પાટણ (ગુજરાત) }
પોરવાડની વાડી. જોગીવાડો. }

પ્રભુદાસ બેચરદાસ પારેખ,
વ્યવસ્થાપક, જૈન વિદ્યાભુવન.

## કવરોને બુકપોસ્ટ ન કરશો.

સભા ઉપર પત્ર લખનાર કેટલાક બંધુઓ પત્ર લખી કવરમાં નાખી કવર ખુલું રાખી બુકપોસ્ટ કરે છે પરંતુ પોસ્ટવાળા તેને નોટપેડ કરે છે, તેથી અહીંથી એક આનો આપવો પડે છે. માત્ર જે કવરમાં છાપેલ હેંડબીલ અથવા છાપેલ કાગળ હોય તે નોટપેડ કરતા નથી. વળી ઉપર છાપેલ બુક-**પોસ્ટ** જોઇએ એમ પણ કહે છે. માટે મહેરબાની કરીને લખેલા કાગળનું કવર ભૂલેચૂકે બુકપોસ્ટ ન કરશો.

**તંત્રી.**

## શ્રી નિર્યાવળી સૂત્ર.

શ્રી **શીહોર**ના સંઘ તરફથી સાધુ સાધ્વી વિગેરેને ભેટ આપવા માટે છપાવવામાં આવેલ છે. મંગાવવા ઇચ્છનારે પોસ્ટેજ મોકલીને મંગાવવું અથવા વી. પી. થી મોકલવા શા. હઠીસંઘ ગોપાળજીના નામ ઉપર લખવું.